ભજનાવળી.

છપાવી પ્રસિદ્ધ કરનાર

ભગત વનમાળીદાસ ગોપાળદાસ.



ધી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસ—અમદાવાદ.

ભજનાવલી.

શ્રી ગણે શાયેનમઃ ।। શ્રી સારદાયેનમઃ ।। શ્રી મોરલીધર મહારાજની કૃપાથી ભકત વનમાલીદાસ ગોપાળદાસની વાણીથી કવીતા કીરતન થયાં છે. મોજે ગામ ઈંદોર તાલુકે ભાલોદ, સ્વસ્થાન રાજપીંપળાનું ગામ, મોટી ઈંદોરમાં ઘેર શ્રી મોરલીધર મહારાજનું મંદીર છે. હરરોજ ભજન કીરતન જ્ઞાન વારતા થાય છે. જ્ઞાતે કસાખડાયતા વાણીયા છે. જે કોઇ આ પદ કીરતન વાંચે તેમણે અમારા જેહરી જેગોપાળ, જેશ્રીકૃષ્ણ, રામ રામ વાંચવા. જે કોઈ વાંચે તેણે સંભાળીને વાંચવું, કાનો માત્ર પડયો હોય તો સંભાળી લેવો. લખનારને દોશ દેશો નહી. લી૦ ભકત વનમાળીદાસના ચીરંજીવી સેવક વલ્લવદાસના સર્વ કોઇ વાંચનારાઓએ જેશ્રીકૃષ્ણ વાચવા સત્ય છે.

પદઃ ૧ ધોળ.

જેશ્રીકૃષ્ણાં સૌ હરીજનમનેરે, દંડ પ્રણામ શ્રી પ્રાણજીવણનેરે

ગુરૂજીને પાયે શીશ નામુરે, ગણેસ સારદાને પાયે પ્રણામુરે

જે થકી આજ કૃતાર્થ થઇએરે, ભજન કરીને ભવપાર ઉતરીયેરે
સંત સભા દેખી મન થયાં લીનરે, દાસ વિષો કેહે ધન્ય આદીનરે

રાજનગરમાં માહાત્મા શ્રી સરજયુદાસજી માહારાજની કથામાં દરરોજ કથા સમાપ્તી વખતે નીચેનું પદ ગવાય છે.

શ્રી રામચંદ્ર કૃપાળુ ભજ મન હરણ ભવ ભય દારૂણં;
નવ કંજન લોચન કંજ મુખકર કંજ પદ કંજારૂણં
કંદર્પ અગણિત અમિત છબિ નવ નિલ નિરજ સુંદિરં.
પટપિત માન હુ તડિત રૂચિ સુચિ નૌમી જનક સુતાવરં;
શિર કિરિટ કુંડલ તિલક ચારૂ ઉદાર અંગવિભુષણં.
અજાનું ભૂજશર ચાપધર સંગ્રામ જીત ખર દુષણં;
ભજ દીનબંધુ દીનેશ દાનવ દલન દુષ્ટ નિકંદનં.
ઈતિ વદિત તુલસિદાસ સંકર શેષ મુનિમનરંજનં;
મમ હૃદય કંજ નિવાસ કરી કામાદિખળદળ ગંજનં.

શ્રી ગણપતીનું પદ— ॥ દુંદાલા ગાવું ગુણ હું તારા, આ રોગ ટાળો સૌ મારા. ॥ દુંદાલા ॥ કોટી નામ તમારૂ કહીએ, નીત નીત ધ્યાન ધરીને લહીએ; હું તો ગુણ ગાઉં વારંવારા ॥ દુંદાલાઃ ॥ ચાર ભુજ સોભે

છે સ્વામી, હું તો જોઇ જોઇ આનંદ પામી; આવી મળજો અંતર જામી. ॥ દુંદાલા ॥ પાએ ઘુઘરીનો ઘણુકાર, કંઠે હાર મોતીની માલ; મુસ્તકે મુગટ મોતીડે જડાવ. ॥ દુંદાલા ॥ કાંને કુંડલ લોલક લટકે, કટી ઉપર પીતાંબર ફરકે; તેજ સ્વરૂપ મહા અતી ઝલકે. ॥ દુંદાલા ॥ તમોછો ભકત તણા વીશ્રામ, મુજને આપો અવીચલ ધામ; કરો કૃપા સુંદીર સ્યામ. ॥ દુંદાલા ॥ તમો કૃપા મુજને કરજો, સેવક જાણીને દુખડાં હરજો; તમો ચરણે ચીત મારૂ કરજો. ॥ દુંદાલા ॥ દાસ વનમાલી ગુણ ગાય, તમને સમરતાં મહા સુખ થાય; કરો કૃપા તો ભવ દુઃખ જાય. ॥ દુંદાલા ॥ ગાવું ગુણ હું તારા, આ રોગ ટાળો સૌ મારા; દુંદાલા ગાવું ગુણ હું તારા.

રાગ ગોડીનું પદ ૧ લું :— સાખી. ગોડી પુછે ગોંડીઆ કાંણ ભલેરો દેશ, સંપત હોય તો ઘર ભલો; નીકર ભલો પરદેશ. ॥ સંપત દેખી મત હરખીએ, વીપત પડે મત રોય; સંપત હે ત્યાં વીપત હે, હરી કરે સો હોય. ॥ ગોડી કહે મને ગમ નહી, કહાં હરીકો વાસ; સત ગુરૂ જો કૃપા કરે, તો દેખાડે તુજ પાસ. ॥ પાસ હરી પ્રગટ છે, તે તું દેખે દુર; સતગુરૂએ આવી ઓળખાવીનું, હરી કેરૂ નીજ રૂપ.॥ રૂપને નીચ્યે નિરખીએ, જ્ઞાન કરી ઘટ માંહય; દાસ વનમાલી એમ કહે, પ્રગટ રૂપ પ્રકાશ. ॥ સઘળે

સરખો આત્મા, જડ ચેતનમાં વાસ; વીશ્વમાં વ્યાપી રહ્યો, સરવેમાં પ્રકાસ. ॥ નીરંજન નાથ નિર્મળો, કોટી તેજ અદ્દભુત; ચરાચરમાં જાણીએ, સરવે આતમ રૂપ. ॥ શ્રી ગુરૂચરણ રસોજ રજરે, નીજ મન મુકર સુધાર; બરણવું રઘુવર બીશદ દયશ, જોદાયક ફળ ચાર. ॥ મુદ મંગળ મુરજાદ મુની, સકળ દેવ મુની ધીર; રીધીવર સીધીવર મુકતીવર, સીતાવર રઘુવીર. ॥

ગોડીનું પદ લખ્યું છેઃ— આવે વનથી વાલો જુવો સખી આવે વનથી વાલો; ઘેન ગોવાલાની સંગ ચલત હે; સુંદીર મુખ નીહાલો, પીતાંબરની પલવટવારી; નેત્ર ભરીને નીહાળો. ॥ જુવો સખી ॥ ૧ ॥ મોર મુગટ કાંને કુંડળ સોહયે, દીસે રૂપથી સારો; કેડે કંદોરો હીમનાં સાંકળાં, ગુગરીનો ધમકારો. ॥ જુવો સખી ॥ ૨ ॥ કંઠે ગુંજાનો હાર બીરાજે, વન પુષ્પની માળા; મોરલી મુખે મધુરી બોલાવે, એવો આવે નંદલાલો. ॥ જુવો સખી ॥ ૩ ॥ સખીઓ સરવે ટોળે મળીને, જોઇ રહી છે ભારી; દાસ વનમાળીના સ્વામીને નિરખ્યા મોહન મોરલીવાળો. ॥ જુવો સખી આવે વનથી વાલો. ॥ ૪ ॥

પદ ૨ જું:— હરીને ભજો હેત આંણી, મનવા હરીને ભજો હેત આંણી. ॥ સ્વાર્થ તારો કાઆ સુધી, પછી થશે ધુળધાંણી. ॥ મનવા ॥ ૧ ॥ બાળપણુમાં ખેલ ખેલાઓ,

જુવાનીમાં મદ આંણી; ઘડપણુમાં ગતી ભંગ થઈ છે, કાયા તારીરે ગળાણી. ॥ મનવા ॥ ૨ ॥ ધંધામાં તુ અતીરે ગુંચાયો, ગુંચઇ મુવો ઘર ઘાંણી; નેત્ર નાસીકા તારી ગળવા લાગી, તોએ ન હરી ભજયો પ્રાણી. ॥ મનવા ॥ ૩ ॥ કાળ આવી તને તરત ઝાલશે, પીવા નહી રેહેવાય પાણી; દાસ વનમાળીના સ્વામીને ભજને, મનથી એવું જાણી. ॥ મનવા હરીને ભજો હેત આંણી. ॥ ૪ ॥

પદ ૩ જુંઃ– હરી ચરણે ચીત રાખો, મનવા હરી ચરણે ચીત રાખો; સંસાર સાગર દુખનો ભરીયો, તેમાંથી નીસરે તે સાચો. ॥ મનવા ॥ ૧ ॥ પ્રગટ રૂપ હરીનું તમે નિરખો, સત ગુરૂ શબ્દને જાચો; માયા મોટી ફંદ જાળ છે, જ્ઞાન તરવારે કાપો. ॥ મનવા ॥ ૨ ॥ સદ્‌ગુરૂ શબ્દનો વીશ્વાસ આંણી, બીજા શબ્દથી કાપો; દાસ વનમાળી કહે હરી ગુણુ ગાવા, દેહી ભરૂસો કાચો. ॥ મનવા. ॥ ૩ ॥

પદ ૪ થુંઃ– રામ નામ સુખકારી ભજો મન રામ નામ સુખકારી, રામ નામનો મોટો મહીમા; વેદ કહત પોકારી, સોહી નામ જપે શીવ જોગી; નામે ગુણુકા તારી. ॥ ભજો મન ॥ ૧ ॥ રામ નામે પથ્થર તાર્યા, સૈન્યા પાર ઉતારી; રામ નામે ગીધ ગજ ઉગારે, નામે સવરી તારી. ॥ ભજો મન ॥ ૨ ॥ જપતાં નામ અતી સુખ પાવે,

જનમ મરણુ દુખ જાવે; દાસ વનમાળી રટત નીસદીન, પ્રગટ નામ પોકારી; ભજો મન રામ નામ સુખકારી. ॥ ૩ ॥

રાગ કલ્યાણુની સાખી. ગોડી વેળા વહી ગઇ જબ આથમીઓ ભાણુ, રાત ઘટીકા દો ગઇ તબ પ્રગટયો રાગ કલ્યાણુ; કલ્યાણુ કલ્યાણુ સબ કહે અકલ્યાણુ કહે નહી કોઇ. જયાં ઘેર હરીકી ભકતી હે. તા ઘેર સદા કલ્યાણુ; કલ્યાણુ હરી ભકતી થકી, અકલ્યાણુ માયાજાળ; જે નર હરી સમરે નહી, તે કેમ ઉતરે ભવપાર.

રાગ કલ્યાણુનુ પદ ૧ લું. ગાવે રાગ કલ્યાણુ મોહન ગાવે રાગ કલ્યાણુ. આપેહી ગાવે ને આપ બજાવે: આપ મીલાવત તાન. ॥ મોહન ॥ સુંદીર રાત્યો શરદ પુનમની ગોપીકા ધરતી ધ્યાન. ॥ મોહન ॥ એક એક ગોપી ગોપી બીચ માધવ- ખેલત સુંદર સ્યામ. ॥ મોહન ॥ વ્રંદાવનમાં રાસ રચ્યોહે. સહસ્ત્ર ગોપી એકકાન. ॥ મોહન ॥ દાસવનમાળીના સ્વામીની સાથ, ગોપીનાં ધરીએલ ધ્યાન. મોહન ગાવે રાગ કલ્યાણુ.

રાગ કલ્યાણુ પદ ૨ જું:- નાચે શ્રી નંદલાલ, વ્રંદાવન નાચે શ્રી નંદલાલ; નટવર વેશ ધર્યો બ્રીજ વાલે, ધર્યો નૌતમ શ્રી ગોપાલ. ॥ વંદ્રાવન ॥ તાલ મ્રદંગ વેણા જંત્ર વાગે, વાગે ઝાંજર તાલ. ॥ વંદ્રાવન ॥ સહસ્ત્ર ગોપીમાં રમે છે વાલો, તાંહાં મોહન મોરલી વાય.

॥ વંદ્રાવન ॥ સુંદીર રાસ રચ્યો ગીરધારી, એક એકના પાલવ સાહુય ॥ વંદ્રાવન ॥ કાંને કુંડલ લોરક લલકે, મુસ્તકે મુગટ જડાવ. ॥ વંદ્રાવન ॥ કેડે કંદોરો હીમનાં સાંકળાં કંઠે એકાવળ હાર. ॥ વંદ્રાવન ॥ દાસ વનમાળીના સ્વામીની સાથે, ખેલત ગોપી ગોવાલ. ॥ વંદ્રાવન ॥

રાગ કલ્યાણ પદ ૩ જું:— રમવા હરીની સાથ ચાલો સખી રમવા હરીની સાથ; વંદ્રાવનમાં રાસ રમે છે, ચાલો જઇએ હરીની પાસ. ॥ ચાલો સખી ॥ મોહનજીની મોરલી સુણુતાં, મનમાં થયો ઉચાટ. ॥ ચાલો સખી ॥ ઘરમાં તો મને ઘડીએ ન ગોઠે, સુરતા ગઈ હરી પાસ. ॥ ચાલો સખી ॥ તલપે છે પ્રાંણુ સખી કહુ મારા, મોહન મળવા કાજ. ॥ ચાલો સખી ॥ અવળાં આભ્રણુ અંગ ધરીને, ચાલી વંદ્રાવન વાટ. ॥ ચાલો સખી ॥ વંદ્રાવનની કુંજ ગલીમાં, સૌ ગોપીઓ રમે છે રાસ. ॥ ચાલો સખી ॥ દાસ વનમાળીના સ્વામીને નિરખી, ગોપી કરે અતીહાસ. ॥ ચાલો સખી ॥

રાગ કલ્યાણ પદ ૪ થું:— મોહન સાથે મળી, આજ હું તો મોહન સાથે મળી, જોતામાં જાદવજીએ દીઠી; દાસી પોતાની કરી. ॥ આજ હું તો ॥ દીઠી નાથે દયા મને કીધી, હું તો ચરણુ કમલમાં પડી. ॥ આજ હું તો ॥

કૃપા કરી મને દરસન આપ્યાં, હેતે કરીને હરી. ॥ આજ હું તો ॥ સેજ તણું મને સુખડું આપ્યું; દુખડું ગયું ટળી. ॥ આજ હું તો ॥ પ્રીત કરી મને પાસે તેડી, મુજપર કૃપા કરી. ॥ આજ હું તો ॥ પ્રેમે રૂપ પીયુંનુ નિરખી, જોઈ રહી સુરત કરી. ॥ આજ હું તો ॥ દાસ વનમાળીના સ્વામીના મનથી, અંતર પ્રીત ગમી. ॥ આજ હું તો મોહન સાથે મલી. ॥

રાગ કલ્યાણુ પદ ૫ મું:—ચાલો રમવા રાસ, વંદ્રાવન ચાલો રમવા રાસ, સખી કહે હું કેમ કરી આવું, નંણુદી છે મારી પાસ. ॥ વંદ્રાવન ॥ એક કહે સખી કહું તુજને, બેઠો દીએરીઓ વાટ. ॥ વંદ્રાવન એક કહે સખી શું કહીએ, સાસુએ ઘેર્યો ઘાટ. ॥ વંદ્રાવન ॥ એક કહે તમને શું કહીએ, જેઠ જાણે છે વાત. ॥ વંદ્રાવન ॥ એક કહે હવડાં હું ચાલુ, પીઊ બેઠો મારી પાસ. ॥ વંદ્રાવન ॥ એક કહે હવે શું થાસે, કેમ રેહેશે આપણી લાજ. ॥ વંદ્રાવન ॥ એક કહે મન વ્યાકુળ થયું છે, સુરતા ગઈ હરી પાસ. ॥ વંદ્રાવન ॥ દાસ વનમાળીના સ્વામીની સાથે, ગોપી જઇ બેઠી હરીની પાસ. ॥ વંદ્રાવન ચાલો રમવા રાસ ॥

રાગ કલ્યાણુ પદ ૬ ઠું;— સુરતા રહી હરી સાથ, સખી મારી સુરતા રહી હરી સાથ; સાંમળીઆને હેતેથી

નિરખું, તે મોરલી મધુરી વાય. ॥ સખી મારી ॥ ગગન ગફામાં જોત બીરાજે, રૂપ તણો પ્રકાશ, ॥ સખી મારી ॥ જોતાં તેજ અતિ બહુ શોભે, કોટી સુરજનો પ્રકાશ. ॥ સખી મારી ॥ પ્રેમે કરી પ્રણામજ કીધો, કરજોડી બન્ને હાથ. ॥ સખી મારી ॥ શાંમળીઆને શરણે જઇને, હું તો બેઠી હરીની પાસ. ॥ સખી મારી ॥ કૃપા કરી મુને દરશન આપ્યાં, દયા કરી વૈકુંઠનાથ. ॥ સખી મારી ॥ દાસ વનમાળીના સ્વામી મળીઆ; ઘટ ભીતરમાં વાસ, ॥ સખી મારી સુરતા રહી હરી સાથ. ॥

રાગ રાસની સાખીઓઃ— મોર મુગટ શીરપર ધર્યો, મુખ મોરલી ઘમઘોર, વદ્રાવનકી કુંજમાં, જે જે જુગલ કીશોર. લટપટ ઘુંઘટ રાધીકા, લટપટ બાળે વેશ; લટપટ મોતી નાકનાં, હરી આવ્યા છુટે કેશ ॥ મોર મુગટ માંણેક જડયાં, રત્ન જડયાં અપાર; દાસ વનમાળી ચરણ પડે, કોટી તેજ પ્રકાશ. બાંહે બાજુ બંધ બેરખા, ઘુઘરી બંન્ને પાય; સૈન્યા સોભે અતી ઘણી, જે જે શ્રી જદુરાય. કાંને કુંડલ ઝગમગે, મોજડી હીરે જડાવ; પલવટ પોતાંબર તણી, સુંદીર લોચન ભાર. મોરલીધર મુખ મોરલી, બાજત અનહદ નાદ; ગોપીઅન મોહ લગાડવા, રચ્યો વંદ્રાવન રાસ.

રાગ રાસનુ પદ. ૧ લુંઃ— આવોરે સાંમળીઆ

વાલા, મનડું હમારૂ તલપેરે; નદીઓ સરવે જુજવી વહે છે તે સાગરમાં ભળશેરે. ॥ આવોરે ॥ નામ તમારાં અનેક કહીએ, રૂપ તણો નહી પારરે; સરવેમાં શોભોછો સ્વાંમી, તેજ તણો આકારરે. ॥ આવો રે ॥ પ્રગટ થઇને રૂપ દેખાડો, આવી અંતર જામીરે; હું મુરખ તો કંઇએ ન જાણું, તેણે ભરૂછું પાંણી રે. ॥ આવોરે ॥ સંસાર સાગર મધ્યે કહીએ, હરી નાંમ તણો આધાર રે; સરવે મીથ્યા સ્વાંરથ કેરો, અંત સમેરે હેસે અલગોરે. ॥આવોરે॥ ઘરમાં મુજને ગમતું નથી, મન હરીની પાસે રે; એક ઘડી હરી નવ દેખું તો દીન વરસ સમ થાસે રે. ॥આવોરે॥ સંઘ કર્યો મે સાંમળીયાનો વાલા લાડ લડાવોરે; દાસ વનમાળી કહે કરજોડી, વાલા પ્રેમે પધારો રે ॥ આવોરે સાંમળીઆ વાલા ॥

રાગ રાસ પદ ૨ જું— રામ નામનો મોટો મહીમા, માંહે પાપી પાવન થાયરે; નીચ થઇ હરી સ્મરણ કરેતો, જનમ મરણ ભય જાયરે. ॥ રામનામ ॥ અનેક જનમનો અંધો પ્રાણી, હરી નાંમે પાવન થાયરે; એવું સુખ હરી નામથી લઇએ, દેહીનાં દુખડાં જાયરે. ॥ રામ નામ ॥ રામહી નામે પથ્થર તાર્યા, ગુણકા નાર ઓધારીરે; ભગત સરવેનાં કાંમજ કીધાં, પ્રગટ આવી મોરારીરે. ॥રામનામ॥ એવુ જાંણી ભજો શ્રી હરીને, કાયા નીરમલ થાસેરે; વ્યા-

થી સઘળી વેગળી રેસે, પછી વદનુ ઓસડ કોણ ખાસેરે. ॥ રામ નામ ॥ ગંગા જુમનાં સાગર કહીએ, તેથી ઘણો મહીમાયરે; હરીનુ નામ સદા જેને વ્હાલુ, તે ઉતરે ભવ પારરે- ॥ રામ નામ ॥ જપસે નામ હરી હેત કરીને, તેનો સંસાર બંધન ટલસેરે; દાસ વનમાળીના સ્વામી સાંભળીઓ, આવી એકાંતે મલશેરે. ॥ રામ નામનો મોટો મહીમા ॥

રાગ રાસ પદ ૩ જું:- દેહી ધરીને હરી નામ ન જાણ્યું, તેણે સરવે ખોયુંરે; નીજ જનેતાને ભારે મારી, તીરે આવ્યું નાવ બોળ્યુંરે. ॥ દેહી ધરી ॥ આવ્યો તો તું કારજ કરવા, તેમાં તે શું કીધુરે; અમ્રીત વસ્તુ અળગી મુકી, ઝેર હળાહળ પીધુરે. ॥ દેહી ધરી ॥ તેં આવીને સો અવસર લીધો, કમાઇ શી કમાયોરે; હરીનું નામ હ્રદય નવ લીધું, દેહી ધરી શું કીધુરે. ॥ દેહી ધરી. ॥ જોને જાગી તું કયાંથી આવ્યો, કોણ તુજને અહીં લાવ્યુંરે; કોણે તારી રક્ષા કીધી, કોણે તને ખવડાવ્યુંરે. ॥ દેહી ધરી ॥ રાખ ભરોસો રાધા વરનો, સુરતા પેલી લાવીરે; માતાના ઉદરમાં તું જાણે, તેને કેમ મેલ્યો વીસારે. ॥ દેહી ધરી ॥ માતાના ઓદરમે પ્રાણી, શું કહીને શું આવ્યોરે; તે વાત કેમ વીસારી મેલી, મુરખ મુરકુ ગુમાવ્યોરે. ॥ દેહ ધરી ॥ એવું જાણી હરીને ભજની માયા

મનથી ટાળીરે; દાસ વનમાળીના સ્વામીને નિરખો. મોહ મમતાને મારીરે. ॥ દેહી ધરી હરી નામ ન જાણ્યું. ॥

રાગ રાસ પદ ૪ થું:—હરીનો રસતો હેતે ચાખો, સંસાર સરવે કાચોરે; સરવે જુઠી બાજી જાણી, હરી ભજે તે સાચોરે. ॥ હરીનો રસ. ॥ એવું સુખ માયાનું કહીએ, કંઇ આવે કંઇ જાયરે; સગાવ્હાલાં સરવે બેઠાં, કોઇ સગો ન થાયરે. ॥ હરીનો રસ. ॥ જોને વીચારી જગતમાં જાંણી, કાયા ધરી કેમ રેહેશેરે; આજકાલમાં સરવેને જાવું, કાયા દેહછે કાચોંરે. ॥ હરીનો રસ. ॥ પાણી પેહેલી તમે પાળજ બાંધો, સંસાર સાગર તરવારે; જ્ઞાન અગ્ની અંતર ધીકાવો, જનમતણું પાપ ખોવારે. ॥ હરીનો રસ. ॥ સુક્રીત કરમે કરીને પ્રાંણી, દુગધા સરવે ટાળીરે; દાસ વનમાળીના સ્વામીને ભજની, કાચી કાયા જાંણીરે. ॥ હરીનો રસતો હેતે ચાખો. ॥

રાગ કાફી પદ ૧ લું:— ચાલોરે પ્રીતમજીની પાસે, પ્રીતમજીની પાસે ને રમવાને રાસ. ॥ ચાલોરે ॥ ગોકુળ મેલી વ્રંદાવન ચાલો, રમવા રાસ વીલાસ પ્રીતમજી. ॥ આતુરતા થઇછે મુજને, હરી વીના કેમ રહેવાય પ્રીતમજી. ॥ ચીત હમારૂ હરી સાથે ચોંટયું, મન આકુળ વાકુળ થાઅ પ્રીતમજી. ॥ ઘરમાં તો મને કામ ન સુઝે, સુરતા ગઈ હરી પાસ પ્રીતમજી. ॥ સખીઓ સરવે વેગે ચાલો, નહી

તો પ્રાંણુ હુમારા જાય પ્રીતમજી. ॥ સણુગાર સજતાં શું વાર લગાડો, જઈ નિરખો શ્રી નંદલાલ પ્રીતમજી. ॥ દાસ વનમાળીના સ્વામીને નિરખી, ગોપી ખેલે હરી સાથ પ્રીતમજીની પાસે ચાલોરે. ॥

રાગ કાફી પદ ર જું:- જઈસરે સામળીયાની સંગે, સાંમળીઆની સંગે નેં રમવાનેં રંગે; જઈસરે સાંમળીયાની સંગે. ॥ અલબેલાનો સંગ કર્યો છે, લાગ્યો છે મુજને રંગ સાંમળીયા. ॥ જોતાં તેજ અતી બહુ શોભે, જોઇને લોભ્યુ મારૂ મન. સામળીયા. ॥ કાંને કુંડળ હાર બીરાજે, મુસ્તકે મુંગટ વીસાળ. સામળીયા. ॥ બાંહે બાજુબંધ બેરખાં સોહીએ, કંઠે મોતીનો હાર. સાંમળીયા. ॥ પીતાંબરની પરવટવારી, કંદોરો કેડે વીસાળ. સામળીયા. ॥ ચરણે ઘુઘરી અતી બહુ ઘમકે, મોજડીનો ચમકાર. સામળીયા. ॥ એવું રૂપ સ્વામીનું જોતાં, નિરખીને થઇહું ન્યાહાલ. સામળીયા.॥ દાસ વનમાળીના સ્વામીની સાથે, ઘઈને મળી વ્રીજનાર ॥ સામળીયાની સંગે. ॥

રાગ કાફી પદ ૩ જું:- ચાલોરે હરીને જોવા, હરીને જોવાને દુખડાં ખોવા; ચાલોરે હરીને જોવા. ॥ ભવસાગરનું દુખડુ મોટુ, કોઈને નવ કહેવાય. હરીને જોવા. ॥ જોતામાં તમે સુખડુ થાશે, કાયા નવરોગી થાય. હરીને જોવા. ॥ અલબેલાને હેતેથી મળીએ, જનમતણું દુખ જાય. હરીને

જોવા. ॥ વંદ્રાવનની કુંજગલીમાં, હરી રમે છે તાં રાસ ॥ હરીને જોવા. ॥ તાલમ્રદંગ વાજીંત્ર વાગે, ઝાંઝરનો ઝમકાર. હરીને જોવા. ॥ નટવર વેસ ધર્યો અતી સુંદર, નિરખીને થઈછું નીહાલ. હરીને જોવા.॥ તાથા થેઈ કરી તાન મીલાવે, નારદ વેણુ તાંહાં વાય. હરીને જોવા. ॥ દાસ વનમાળીના સ્વામીની સાથે, રમતી ગોપીબ્રીજનાર હરીને જોવા. ॥ ચાલોરે હરીને જોવા. ॥

રાગ મારૂ પદ ૧ લું:– હરી ના ભજ્યોરે ઘડી, નર તમો હરી ના ભજ્યારે ઘડી; ધંધો કરતાં તુરે ઝીકાયો, ક્ષણુ એક બેઠો ન ઠરી. ॥ નર તમો. ॥ હરીનું નામ હૃદયે નવ લીધું, ખુધી તારી બળી. ॥ નર તમો. ॥ લોભ થકી અલ્યાતુરે લોભીયો, અગનીમાં કાયા જલી. ॥ નર તમો. ॥ સતગુરૂનાં ચરણુ સેવો તો, ભવસાગર જસો તરી. ॥ નર તમો. ॥ દાસ વનમાળીના સ્વામીને ભજની, મનસા દેહી નહી આવે ફરી, નર તમો હરી ના ભજ્યારે ઘડી. ॥ હરી ના ભજ્યારે ઘડી. ॥

રાગ મારૂ પદ ૨ જું;– શું રહયા માયામાં મોહી, નર તમે શું રહયા માયામાં મોહી; જીવતાં સૂધી તુરે ઝીકાયો. હરી હીરો બેઠો ખોઈ. ॥ નર તમે ॥ અનેક ઉપાય કરી માયા ભેળી, અંત સમે બેઠો ખોઇ. ॥ નર તમે ॥ તારી સાથે કંઈ ન આવ્યું, ફોગટ માયામાં રહયો

મોહી. ।। નર તમે ।। માયા માયા રળી ધન ભરીયું, કંઇ વાવરૂ નહી રહયો રોઈ. ।। નર તમે ।। કમઈ કમઇ ધન વ્હાલું કીધું. વાવરનારા થયા કોઇ. ।। નર તમે ।। એવું જાણી હરીને ભજીએ, શું રહયા અલ્પ સુખ જોઇ. ।। નર તમે ।। દાસ વનમાળીના સ્વામીને ભજીએ, દીલની દુગધા ખોઈ. ।। નર તમે શું રહયા માયામાં મોહી ।।

રાગ ધોળ ૧ લું:- સખીરે હરીજન હોય તે હરીને ભજે, મુકી મન તણું અભીમાંનરે; એવા જન હરી તણા. ।। પરથમ શેવે હરીગુરૂ દેવને, તેનું નીત્ય ઉઠીને કરે ધ્યાનરે. ।। એવા જન હરી તણા. ।। સંસાર સરવેમાં એવા રહે, જેવું જલમાં રહે છે કમલરે. ।। એવા જન હરી તણા. ।। કામ ક્રોધ અહંકાર નથી રાખતા, જેની બુદ્ધિ નીરમલ હોયરે. ।। એવા જન હરી તણા. ।। મોહ મમતામાયા નથી રાખતા, સરવે મનથી કરે છે તે દુરરે. ।। એવા જન હરી તણા. ।। જેને માંન અપમાન કંઇએ નથી, નથી અંતર વીશે કંઇ ક્રોધરે. ।। એવા જન હરી તણા. ।। એવા થાય તે હરીજન જાણીએ, જેની સુરતા રહી હરી સાથરે. ।। એવા જન હરી તણા ।। દાસ વનમાળી કહે તેને ધન્ય છે, જેણે ઓળખ્યા શ્રી અવીનાશરે ।। એવા જન હરી તણા. ।।

રાગ ધોળ ૨ જુ:- સખીરૈ આજ સામળીઆજી આવીઆ, મારા અંગમાં થયો છે આનંદ રૈ; ઉલટ મારે અતી ઘણું; જીરે તરીઆ તોરણુ બાંધ્યા બારણે, મારે હરી વર સાથે સ્નેહરે. ॥ ઊલટ મારે અતી ઘણું ॥ જીરે શેરી વળાવીને સજ કરૂં, હુતો ફુલડાં વેરાવું ચોપાસરે ॥ ઉલટ મારે અતી ઘણું ॥ જીરે પાથરણાં પથરાવીએ, મધ્યે મુકયું સીહાસન સારરે. ॥ ઉલટ મારે અતી ઘણું ॥ જીરે કેશર છાંટણુ છાંટીઆં; ધુપ દીપ પુજ્યા અપારરે. ॥ ઉલટ આરે અતી ઘણું ॥ જીરે પકવાન નાના વીધનાં, સુવર્ણ થાળમાં લાવી ધરીશરે. ॥ ઉલટ મારે અતી ઘણું ॥ જીરે પરસાદ પાઓરે પ્રેમથી, હું તો હેતેથી આરતી કરીશરે. ॥ ઉલટ મારે અતી ઘણું ॥ જીરે લવીંગ સોપારીને એલચી, મુખવાસ બીડાં ધરીશરે. ॥ ઉલટ મારે અતી ઘણું ॥ જીરે પલંગ પોઢયા શ્રી નાથજી, તાંહાં જઇને ચમર કરીશરે. ॥ ઊલટ મારે અતી ઘણું ॥ જીરે ચરણ તલાંસુરે હેતશું, ફરી ફરી લાગુ પાયરે. ॥ ઉલટ મારે અતી ઘણું ॥જીરે દાસ વનમાળીની વીનતી, કરો કૃપાતો ભવ દુખ જાયરે. ॥ ઉલટ મારે અતી ઘણું ॥

રાગ ધોળ ૩ જું;- તું તો હરીને ભજ મીરે હેતથી. વારો અવસર આવ્યો જાયરે, ॥ ઉંધા નર જાગ્યની ॥ તેં હેતે આવીને અહીં શું કર્યું, નથી જોતો મુઢ અજાણુરે.

॥ ઉધા નર ॥ તું તો સંસાર માંહે રચ્યો પચ્યો, તું તો જાગીને જોની તપાસી. ॥ ઉંધા નર ॥ તું તો કયાંથી આવ્યોને કયાં જાય છે, કયાં જઇને કરશો નીવાસ. ॥ ઉંધા નર ॥ અસ્યા અજ્ઞાન તારૂ કાઢની, ફરી ફરી નહી આવે દાવરે. ॥ ઉધા નર ॥ દાસ વનમાળી કહે તમે હરી ભજો, નહી તો જમનો ખાશો બહુ મારરે. ॥ ઉંધા નર જાગ્યની ॥

રાગ ધોળ ૪ થું:– જીરે સાંમળીયાનો સંગ કીજીએ, તેથી ટળે અનેક ભવ દુખ. ॥ હેતે રસ પીજીએ ॥ એના સંગ સમોવડ કોઇ નથી, સરવે વિદ્યા છે એને હાથ. ॥ હેતે રસ પીજીએ. ॥ જોની સૌ નીપજે એના થકી, સૌ એની કરે છે આશરે. ॥ હેતે રસ પીજીએ. ॥ હું તો હરી વીના કઇ દેખું નહી, સરવે વીશ્વમાં છે પ્રકાશ. ॥ હેતે રસ પીજીએ. ॥ દાસ વનમાળી કહે એવું જાણીને, રહીએ ચરણુ કમળના દાસરે. ॥ હેતે રસ પીજીએ. ॥

રાગ ધોળ ૫ મુઃ– તું તો હરીને હેતે સંભારની, હું તો કહુછું વારંવારરે; મુરખ મન ચેતની. ॥ જોની તારૂ સંસારમાં કોઇ નથી, અંતઃસમે કોઈ આવે ન સાથરે. ॥ મુરખ મન ચેતની. ॥ તું તો અચેત થયોછેરે આંધળો, તું તો જાગીને જોની ગુમારરે. ॥ મુરખ નર ચેતની. ॥ જીરે વેદ પુરાણે એવું લખ્યું, હરી ભજશો તો મહા સુખ થાયરે.

॥ મુરખ નર ચેતની ॥ તું તો અજ્ઞાનતા નથી મુકતો, શું ચઈ મુવો છે મોહજાળરે. ॥ મુરખ નર ચેતની. ॥ તું તો માયામાં શું મોહી રહયો, જાણું સ્વપ્નાતણું છે સુખરે. ॥ મુરખ નર ચેતની. ॥ તું તો અહંકારમાં ફુલ્યો શું ફરે, તને મરતાં નહી લાગે વારરે. ॥ મુરખ મન ચેતની. ॥ દાસ વનમાળી કહે તું તો જાણજે, પછી પસ્તાશો મન માંહીરે. ॥ મુરખ મન ચેતની. ॥

રાગ સારંગ પદ ૧ લું:—હેતે હરી રસ ચાખીએ, નર હેતે હરી રસ ચાખીએ; કીરપા કરી તને કાયારે આપી, સંસાર બંધન નવ રાખીએ. ॥ નર હેતે. ॥ માયા મોટી ફંદ જાળ છે, થોડે થોડે કરી કાપીએ. ॥ નર હેતે. ॥ હાથ આપ્યા પુન્યદાનજ કરવા, નયન નારાયણ નિરખવા. ॥ નર હેતે. ॥ ચરણ આપ્યા હરી મંદીર જાવા, કાળ કમુધી ન ભાસીએ. ॥ નર હેતે ॥ મનથી માયા સરવે મુકી, હરી ચરણે ચીત રાખીએ. ॥ નર હેતે ॥ સતગુરૂચરણે જૈને રહીએ, માયા પડદો કાંપીએ; નર હેતે સતગુરૂ શબ્દનો વીશ્વાસ આંણી, બીજા શબ્દથી કાંપીએ. ॥ નર હેતે ॥ ગુરૂ કીપા વીના સીદ્ધીરે નથી, અનેક ઉપાય નવ ભાસીએ. ॥ નર હેતે ॥ આવ્યાછો છુટવા, જાસોજી બાંધ્યા, એવું જાણી દુગધા ટાળીએ. ॥ નર હેતે ॥ દાસ વનમાળી કહે કર જોડી, પ્રભુ ચરણે ચીત રાખીએ નર; હેત હરી રસ ચાખીએ. ॥

રાગ સારંગ પદ ૨ જું:—હેત વીના હરી નહી મળે, પ્રાંણી હેત વીના હરી નહી મળે. ॥ પુન્ય દાન તે પામવા કેર, પ્રગટરૂપ

તો નહી જડે. ॥ પ્રાણી હેત. ॥ અનેક મંતરે દેવજ આવે, તેથી કારજ કંઇ નહી સરે; ॥ પ્રાણી હેત ॥ મુકતી આસી છે વૈકુંઠ-વાસી, તે વીના ઠોર નહી પડે. ॥ પ્રાણી હેત. ॥ કરો કામ અનેક ઉપાસી, હરી હીરો તો નહીં જડે. ॥ પ્રાણીરે હેત ॥ જપ તપ જોગ તીરથ કર્યાથી જનમતણો ભેં નહી ટળે, ॥ પ્રાણી હેત ॥ ટીલાં તાંણી મનમાં દયા ન આંણી, ક્રોધ કાળ જો નહી ટળે. ॥ પ્રાણી હેત. ॥ ઉપલી ભકતી ભીતર કાતી, તે લખ ચોરાસીમાં જૈ પડે. ॥ પ્રાણી હેત. ॥ હાથમાં માળા ને પેટમાં લાળા, મન•મનસુઓ ચૌદસ કરે. ॥ પ્રાણી હેતે. ॥ વીશ્વ કે'ણી દીલ દયા ન આંણી, પાખંડે પેટ પોતે ભરે. ॥ પ્રાણી હેત. ॥ દાસ વનમાળીના સ્વામી સામળીઓ, એ છળ કર્યાથી નહી છળે, પ્રાણી હેત વીના હરી નહી મળે. ॥

રાગ સારંગ પદ ૩ જું:—જુઠી માયા તે જોડીરે, નર જુઠી માયા તે જોડીરે, મારૂ મારૂ કરી મરી ગયો મુરખ; પછી સુતો સોડ તાણીરે. ॥ નર જુઠી ॥ અનેક દ્રવ્ય લાવી ઘર ભરીઉ, વાવર્યું નહી એકુ કોડીરે. ॥ નર જુઠી ॥ જીવતા સુધી તુરે ઝીકાયો, સ્થીરતા ન રહયો એક ઘડી, ॥ નર જુઠી ॥ સગાં કુટંબી સરવેને મેલી, અંતે જવું પ્રીત તોડીરે. ॥ નર જુઠી ॥ તારી સાથે કોઇએ ન આવ્યું. તું તો જોની મનથી ખોળીરે. ॥ નર જુઠી. ॥ મંછા રહી તારી માયા ઉપર, પછી થયો ભુત ભોરીરે. ॥ નર જુઠી ॥ પુન્યદાન કંઈ જે નર કરશે, તે સંગે આવશે તારીરે. ॥ નર જુઠી ॥ પુન્યવીના કંઈ સંગ નહી આવે; માત તાત સુત ભાઇરે; ॥ નર જુઠી. ॥ એકલા આવ્યા એકલા જાવું. દોલત કુટંબ ઘર મેલીરે; ॥ નર જુઠી ॥ દાસ વનમાળી કહે હરી ન ભજયો તે, શીગત થાશે

ચોરીરે. નર જુઠી માયા તે જોડીરે. ॥

રાગ સારંગ પદ ૪ થું: સીદ સોચના તુ નીત્ય કરે, મન સીદ સોચના તુ નીત્ય કરે; તારૂ ધાર્યું થાતુ હોય તો, ફોગટ ફેરો તુ કયમ ફરે. ॥ મનસીદ ॥ મનસુબા તારા અનેક ભાતના, તે બાંબા વીના ભાત નહી પડે. ॥ મનસીદ ॥ કરમ બંધાયુ કલ્પના કસી, જે લખ્યું તે આવી મળે. ॥ મનસીદ ॥ લખ્યાથી અળગુ કયાંથી મળશે, તુ કાયા કુટી કુટીને મરે. ॥ મનસીદ ॥ અંતર જાંમી સરવે જાણે છે ચોદસ તુ ધાયો ફરે. ॥ મનસીદ ॥ હરી વસ્તુ તો હોરવા જેવી, કુથીર હોરી તું શું કરે. ॥ મન સીદ ॥ માયા મીલકત અતીરે કમાયો, તે મેલ ને અંતે મરે. ॥ મન સીદ ॥ દાસ વનમાળીના સ્વામી સામળીયો. સરવેનું પાલણુ તે કરે, ॥ મન સીદ કલ્પના નીત્યે કરે. ॥

રાગ સારંગ પદ ૫ મું:—વેપાર હરીના નામનો, કર વેપાર હરીના નામનો; સરવે વેપાર સ્વાર્થે કેરો, અંત કાળે નહી કામનો. ॥ કર વેપાર ॥ કુટઇ કાચા ન મળી માયા, મુરખ સમજયો ન સાનમાં; કર વેપાર ॥ મરતા સુધી મારૂ ને તારૂ, ભુલી ગયો ભવ જાળમાં, કર વેપાર ॥ હરી વીના તારૂ કોઈ નહીં સંગી, તેને મુરખ ભુલ્યો માનમાં. ॥ કર વેપાર. ॥ જપ શ્રી હરીને નરભેચીત ધરીને, એકાંત ઠરી એક ધ્યાનમાં. ॥ કર વેપાર ॥ હરીના ગુણ તો સરવે સાંભળીએ, શબ્દ સુણીએ કાનમાં. કર વેપાર ॥ હરીના ગુણ તો નીત્ય નીત્ય ગઇએ, મેલ કાઢ સૌ ઠામનો. ॥ કર વેપાર ॥ હરી ભજતાં તુને આળસ આવે, મુકી દે મનનો આંબળો. ॥ કર વેપાર. ॥ મારગ મુકી પર મારગ ચાલે, કયાંથી મળે તેને સાંમળો.

॥ કર વેપાર ॥ દાસ વનમાળી કહે હરી ગુણ ગાતા, હરી વેપારછે હાંમનો, ॥ કર વેપાર હરીના નાંમનો. ॥

રાગ કાફી પદ ૧ લું:—રણછોડરાય રંગીલોરે, આવી વસ્યો અંતરમાં સેવકને જાણીરે; આપો નીજ દરસનને; ગુણના સાગર ગુણકા તારી, નામ તણે આધાર, બોડાણા ઉપર કીધી કુરણા, ડાકોર આવ્યા મહારાજ, મારૂ દુખડુ ટાલોરે, તેડાવો મોહ મમતાને ॥ રણછોડરાય ॥ પુર જનમની પ્રીત જાણી, કીરપા કરોની નાથ, દયા કરીને દરશન દેજયો; આ ભવનાં દુખડાં જાય, હેતેથી રાખુરે; આ ઘટ ભીતરમે. ॥ રણછોડરાય ॥ ગગન ગઢામાં જોત ઝળકે, એના તેજ તણો નહી પાર, અખંડ જોત અતી બીરાજે, નીરંજન નીરાકાર; વરણાવ્યા ન જાયરે, વસ્યા અંતર ઘટમે. ॥ રણછોડરાય ॥ સરણાંગત રાખોની સ્વામી, દીનબંધુ દયાળ; પોતાનો દાસ જાણી પ્રભુજી, કીરપા કરો કીરપાલ, દાસ વનમાળી ગુણ ગાયરે, અતી સુખ સાગરમાં. ॥ રણછોડરાય રંગીલોરે આવી વસ્યો અંતરમાં. શેવકને જાણીરે, આપો નીજ દરશનને.

રાગ કાફી પદ ૨ જું:—રણછોડરાય રૂપાળોરે, જોયા મે તો દ્રસ્ટ કરી, પુરવજનમ પ્રીતેરે. આવી મળ્યા એકાંત હરી, પાસે પ્રભુ પ્રગટ હુતા, મે દીઠા નહી દયાળ; અંધ કુવામાં હું પડીઓ, તેથી નવ લેવાય, દયા કરી સેવકનેરે, દેખાડો રૂપ ધરી. ॥ રણછોડરાય ॥ રૂપ દેખાડયુ કૃપા કરીને વરણવ્યુ ન જાય, કોટી સુરજનું તેજ અદભુત, તે મુજથી નવ પરખાય, ગુણ હું તો ગાઉરે, નીત ચરણે ધ્યાન ધરી. ॥ રણછોડરાય ॥ કીપા સીંધુ દીનના બંધુ વીશ્વ તણો આધાર, ચૌદલોકમાં વીસ્તાર તમારો, છે ભકત તણા

પ્રતિ પાલ. દાસ વનમાળી ગુણ ગાયરે, ચરણ કમળમાં ધ્યાન ધરી ॥ રણછોડરાય રૂપાળોરે, જોયા મેં મેં તો દ્રસ્ટ કરી.

રાગ કાફી પદ ૩ જું:— ધન્ય જીવ્યુ તેનુરે, જેણે હરી નામ લહયું તેણે સરવે ટાળ્યુંરે, હરી ચરણે ધ્યાન ધર્યું ॥ કામ ક્રોધ અહંકાર ટાળ્યો. ટાળ્યા કુટીલતા કરમ, સંસાર વાસના સરવે ટાળી, ટાળી કુળની શરમ, નીચ્યે મન જાણીરે, પ્રભુ સાથે ચીત કર્યું. ધન્ય જીવ્યું ॥ ઇંદ્રીઓ સરવે વશજ કીધી, નીગ્ર કરી મન સાથ, નીચ્યે થઇ હરી નામ ઉચાર્યું ટાળી કલપના ક્રોધ, મનને બાંધીરે હરીને પાસે વાર્યું. ॥ ધન્ય જીવ્યું ॥ પોતાની કાયા નીરમળ કીધી, નીત જપ્યો હરી જાપ. સંસાર બંધન સરવે ટાળી કીધો વૈકુંઠમાં વાસ, દાસ વનમાળી ગુણ ગાયરે, હરી ચરણે મારૂ મન રહ્યું. ધન્ય જીવ્યું તેનુંરે જેણે હરી નામ લહયું.

રાગ કાફી પદ ૪ થું:— શુ બેઠા હારીરે, પ્રભુ સાથે ધ્યાન ધરો, દુગધા , હરી સાથે પ્રીત કરો. જો જાગી તું કયાંથી આવ્યો, કહાં જઇ કરશો નીવાસ, અંતર ખોજો મન સંગાતે ખઇ જાસે તુને કાળ, એવું તમે જાણીરે, હરી સાથે ચીત કરો. શું બેઠા હારીરે ॥ કાયા ધરી રહેવાની નથી, કોણ રાણો કોણ રાય, આજ કાલમાં જાવું સરવને, પાછળ તુ પસ્તાસ, માટે હરી ગુણ ગાનીરે, ફોગટ ફેરા સીદ ફરો. ॥ શું બેઠા હારીરે. ॥ વેદ પુરાણમાં કહેછે પોકારી, તોએ ન આવી તુને સાંન, માયામાં તુ શું ગુંચાયો. જુઠો જાણો સંસાર, મરવું ને અવતરવુંરે; ફેરા ચોરાસી ફરો. ॥ શું બેઠા હારીરે. ॥ માન શીખામણ પામર પ્રાણી, મુઢમતી અજ્ઞાન; હરીના ગુણ તું હેતે ગાની, નહી તો પડશો નરકની ખાણ; એવું

મન જાણીરે, પ્રભુ સાથે પ્રીત કરો. ।। શું બેઠા હારીરે. ।। પરનિંદા પરધન પરહરીએ, તજી એ પારકી નાર, જઠરામાં જેણે જાળવીઓ, તેનો રાખો વીશ્વાસ, દાસ વનમાળી કહે સાચુરે, હરી સાથે હેત કરો; શું બેઠા હારીરે પ્રભુ સાથે ધ્યાન ધરો. ।।

રાગ કાફી પદ ૫ મું:--પુનમીયા જેને કહીએરે, પ્રેમેથી પ્રભુને નિરખે; રૂપ જોઇ હરીનુરે પોતે મનમાં હરખે: ।। નીરમળ દેહી તેની કહીએ. નહી કામ કરોધ અહંકાર. નિરભે થઇ હરી નામ ઉચ્ચારે. રહે આઠે પોર, ઉદાર—જ્ઞાન કરે મનમાંરે. જાણે તેને હરી સરખા:।। પુનમીયા: ।। ભવસાગરનો ફેરો ટળીઓ. મટી ગયો કાળ જંજાળ નીરભેથી હરીના ગુણ ગાતાં. ઉતરી ગયા ભવપાર. સાચુ સ્મરણ કરતાંરે. હરીનું જે રૂપ નરખે: ।। પુનમીયા: ।। વીસ્વાસ વીશ્વંભરનો રાખી. કરો નામ તણો ઉચ્ચાર. વાસના કલપના સરવે છેદી. હરી ચરણે ચીતપ્રકાશ. અખંડ જોત એવીરે. જોતામાં અતી તેજ ઝળકે: ।। પુનમીયા: ।। સઘળે વ્યાપીક રહયો ઘટમાં જડ ચેતનમાં વાસ સરવેમાં શોભે છે સ્વામી. અખંડ તે અવીનાશ. દાસ વનમાળી કહે સાચુરે: ।। કોઇ હરીજન પરખો. ।। પુનમીઆ જેને કહીએરે. પ્રેમે પ્રભુને નિરખે. ।।

રાગ ગરબાની દેશી—આદીતે વાહલા આવોરે. મેહેર કરીને મોરારી. સામળીઆ સામું જોજોરે. હમને આશા છે તારી. વાહલા સનેટ કરી નવ આવોરે, કહો સખી હવે શું કીજે. એનાદરશ નથી દુખ જાયરે. ગુણ અતી છે બહુ ભારી. હુતો જાણુ નહી કંઈ આવુંરે. અલબેલો અહીંથી જાશે. મારૂં મન અતીશે મોહ્યુંરે. વાહલા વીના કેમ રહેવાશે. મારી રજની કેમ જાશેરે. વાહલા વીના હવે

કેમ થાશે. સ્વામી વનમાળીના આવોરે. અબળાની પુગે આશ. ॥

રાગ ઉપર પ્રમાણેઃ— સોમવારે સનેહ વધારોરે. આવીને અંતરજામી. મેતો પ્રીત કરી છે પેહેલીરે, તો એ મુજને તરછોડી. આગળથી લાડ લડાવ્યાંરે. વળતી મેલ્યાં વીસારી. વાલા તેડીને તરછોડોરે. અંતરીયાળ મુકો મુજને, એનું રૂપ રહ્યું છે રૂદેરે—સજની મુજને નીત સાલે. હવે કોની આગળ કહીએરે, કોણ તેડીને હરીને લાવે. દાસ વનમાળી ગુણ ગાયરે. હરી આવે તો સુખ થાય. ॥

રાગ ઉપર પ્રમાણેઃ ॥ મંગળે મનડુ મારૂંરે. તમ સંગાથે વીધાતે વીધાયું. મને ઘરનું કામ ન સુઝેરે. વાલા વિના મન રૂધાયું હુંતો પંથ નીહાળુ તમારોરે. અલબેલો કયારે આવે. હુંતો જોઇ રહી છુ ભારીરે, સાંમળીયામાં સુરતી કરી. હમો ઘરનું કામ શું કીજેરે. ચીત હમારૂં જાય ફરી, દાસ વનમાળી ગુણ ગાયરે. આવી મળો એકાંત હરી. ॥

રાગ ઉપર પ્રમાણેઃ—બુધવારે પ્રીત જાણીરે, દરશન દયોની-રૂપ ધરી, પહેલી પ્રીત સંભારી સ્વામીરે, અંતર માનો હેત કરી, હુતો આનંદ તમથી પાંમીરે, આતો હમોપર ભાવ કરી. વાહલા વીનનાને વીસારીરે, કુબજયા સાથે શું મોહ્યા તમને નહીં કંઇ માયારે, ધુતારાના ઢંગ જોયા. મારા અવગુણ છે અતી ભારીરે, તમને દોશ શાનો દીજે, એમા વાંક નથી. તમારોરે, પાપે હમારે પીડઇએ, મેતો સંધ તમારો કીધોરે, તો એ મુજને તરછોડી. સ્વામી વનમાળીના આવોરે—અબળા ઉપર મહેર કરીઃ ॥

રાગ ઉપર પ્રમાણેઃ—ગુરૂવારે ગુણના ભરીઆરે, અવગુણ મારા પરહરીએ, હુતો જનમ તણી છું દાસીરે. ચીત તમો ચરણે

ધરીએ- તમે મહેર કરો મોરારીરે, આવો પ્રભુ આપડે મળીએ. અકુરજી કયાંથી આવ્યારે, કરમ સંજોગ રથ જોત્રી, તમો સાથ આવ્યા છો, તેનીરે, ગોકુળ ગામ અબળા મેલી, દાસ વનમાળી ગુણ ગાયરે, તમ દરશનથી આનંદ હેલી: ॥

રાગ ઉપર પ્રમાણે:--શું કરે સાંમળીયા આવોરે, વારે વારે શું કહેવડાવો, ગોકુળમાં માનુની મેલીરે. મથુરાં જઇ શું માહાલો. કાળી કુબજાને શું મોહયારે, સાંમળીયાજી પ્રીત જાણી, તમો ઉચ નીચ નવ જાણોરે, પ્રીત થકી તેને માંણી તમે હેત તણા અધીકારીરે. સાંમળીઆજી સૌ જાણું. કંઇ હેત અંતર તુ જાણીરે, સામળીઆ દરશન દેજ્યો; દાસ વનમાળીના સ્વામીરે, આવીને દુખડાં હરજ્યો. ॥

રાગ. ઉપર પ્રમાણે:—શનીવારે સુખડુ આપોરે, દુખડાં મારા પર હરીએ; સાંમળીઆ વહેલા પધારોરે, હમો તલખી તલખી મરીએ. જળ વીના માછલડી તલખેરે, તલખ તલખતાં જાય મરી; હું તો શરણ કમળની દાસીરે, આવો હમોપર મહેર કરી. આ દુખડું કોને કહીએરે, રાત દીવસ મુજને સાલે; હું તો દદસનની છું દુખી-રે, દરસનથી દુખ જાય ટળી. આશા હમને બંધાઇરે, આવો તો રદયે રાખું. દાસ વનમાળી ગુણ ગાયરે, ચરણ કમળ રસ નીત ચાખું.

રાગ. ઉપર પ્રમાણે:—સાતવાર થયા છે પુરારે, સાંમળીઆની કીરપા થકી. હું તો મુરખ કંઇ નવ જાંણુંરે, મન કલ્પીતથી વીં-નતી કરી. મને દાસ પોતાનો જાણીરે, કરો કીરપાની નીત ગાઉ વાંણી. હું તો પામર પ્રાંણી પાપીરે, સરણાંગત લેજ્યો તાંણી. મારા મનના મનોરથ પાળોરે, ભક્ત વત્સલ છો સ્વાંમી. હું તો દાસ તમારો

કહેવાયોરે, કૃપા કરો અંતર જામી. દાસ વનમાળી ગુણ ગાયરે, સરણાંગત રાખો સ્વામી. ॥ સાતેવાર સંપુર્ણ થયા છે ॥

પંદર તીથીઓ લખી છે:– કે પડવે પ્રીત કરી પહેલી, સત ગુરૂ શબ્દમાં ચીત ધારી; જ્ઞાન દીપક મુક્યા જારીરે. ॥ અવસર આવ્યો છે હેલી ॥ બીજે બળ અતી વાધ્યું, માયામાંથી મન મારૂં ભાગ્યું; શબ્દનું બાંણુ અતી વાગ્યુંરે. ॥ અવસર આવ્યો છે હેલી ॥ ત્રીજે ત્રણુ ભોવનનો નાથ, આવી ઘટમાં કીધો વાસ; ઉઘડી મારી અંતરની રેસીરે. ॥ અવસર આવ્યો છે હેલી ॥ ચોથે ચતુરા સૌ ચાલી, હું તો આગળથી વ્હાલી; મોહમમતા મેલી ટાળીરે. ॥ અવસર આવ્યો મેહેલી ॥ પાંચેમે પ્રગટ થયું છે રૂપ, જોતાં જમનની ભાગે ભુખ ટાળ્યાં મારાં અનેક જનમનાં દુખ. ॥ અવસર આવ્યો છે હેલી ॥ છઠે છોડાવો જંજાળ, મમતા માયા છે અપાર; સૈરવે નાઠાં રસ મેલીરે. ॥ અવસર આવ્યો છેહેલી ॥ સાતમે શીતળ થઇ કાયા, આ ઘટના ચોર સૌ હાર્યા; વાહલા સાથે કીધી છે માયારે. ॥ અવસર આવ્યો છેહેલી ॥ આઠમે અલબેલો મળીઆ, કામ ક્રોધ અહંકાર ટળીઆ. આવી વાલો એકાંતે મળીઆરે. ॥ અવસર આવ્યો છેહેલી ॥ નામે નરત કરૂં રંગે, માહારા સ્વાંમીની સંગે; મુજને પ્રેમ વાધ્યો અંગેરે. ॥ અવસર આવ્યો છે હેલી ॥ દસમેં દુખડું સૌ કાપ્યું, હરીનો રંગ ઘણો વાધ્યો; મુજને અભેપદ આપ્યુંરે. ॥ અવસર આવ્યો છેહેલી ॥ એકાદસી આનંદ નીત કરીએ, ધ્યાન તે હરી ચરણે ધરીએ, આ જનમનાં દુખડાં પર હરીએ. ॥ અવસર આવ્યો છે હેલી ॥ બારસે બોલું નીતવાંણી. હરીનું નામ અંતર જાણી, નીત નીત ગાઉ હરી વાંણીરે ॥ અવસર આવ્યો છેહેલી ॥

તેરસે તન વર્યું મારૂં, મોહનની સંગે થયું સારૂં; મનવા મન થયું મારૂંરે ॥ અવસર આવ્યો છે હેલી ॥ ચૌદસે ચૌદ ભોવનનો નાથ આવી ઘટમાં કીધો વાસ, મેં તો નિરખીને ઝાલ્યો હાથ. ॥ અવસર આવ્યો છે હેલી ॥ પુનમે પુરણાનંદ મળીઆ, સંસાર આશા સૌ ટળીઆ; આવી પ્રભુ પ્રીત કરી મળીઆરે ॥ અવસર આવ્યો છે તીથીએ પંદર થઇ પુરી પ્રભુની સાથે હેત ધરી. દાસ વનમાળીને કીરપા કરીરે. ॥ અવસર આવ્યો છે હેલી. ॥

બાર મહીના લખ્યા છે;—રાગ ઉપર પ્રમાણે.

કે કારતગે કીરતી બહુ કરીએ, ધ્યાન તે હરી ચરણે ધરીએ. કેમ નથી માયાપર હરીએરે, નીત નીત હરી સ્મરણ કરીએ ॥ કે માગસરે માનની પ્રાંણી હરીનું નામ અંતર જાણી, સ્મરણ સાચેથી મલીએરે, નીત નીત હરી સ્મરણ કરીએ. ॥ પોસે પ્રીત પ્રભુની કરી મમતા માયા મેલો પરી; ધ્યાન તો હરી ચરણે ધરીએરે. નીત નીત હરી સ્મરણ કરીએ, ॥ માહે મોહન સુ મળીએ, જુડી અવધ્ય પરહરીએ, સંસાર સાગર તરીએરે. નીત નીત હરી સ્મરણ કરીએ. ॥ ફાગણે ફોગટ કેમ ફરીએ, હરીનું નામ હરદે ધરીએ, મનથી વાલાને વરીએરે; ॥ નીત નીત હરી સ્મરણ કરીએ ॥ ચઇતરે ચેતની પ્રાંણી હરીનુ નામ અંતર જાણી, સંસાર જુઠો જોઈ ફરીએરે. ॥ નીત નીત હરી સ્મરણ કરીએ ॥ વૈશાખે વાલાને મળીએ. સત સમાગમ નીત કરીએ; આ દેહીનાં દુખડાં પર હરીએરે. ॥ નીત નીત હરી સ્મરણ કરીએ ॥ જેઠે જાણ કર્યું મનમે, હરીનું નામ રાખ્યું તનમે; ભજનથી ભવસાગર તરીએરે. ॥ નીત નીત હરી સ્મરણ કરીએ ॥ અષાડે આનંદની હેલી. મોહનને મળવાને ઘેલી; મન હરી લીધું

નટવરીએરે. ॥ નીત નીત હરી સ્મરણુ કરીએ ॥ શ્રાવણે સનેહ કરો સાચો, સ્વારથ સંસાર છે કાચો; મનથી માયા પર હરીએ. ॥ નીત નીત હરી સ્મરણુ કરીએ ॥ ભાદરવે ભજન થકી તરીએ, જમના ભય થકી ડરીએ; નીશ્ચે નામ થકી ઠરીએરે. ॥ નીત નીત હરી સ્મરણુ કરીએ ॥ અશ્વને અશ્વ કરો હરી સાથ, મનમાં જાણી-કરી કંઇ ત્રાસ; હરીના ચરણે કમલ પડીએરે. ॥ નીત નીત હરી સ્મરણુ કરીએ ॥ બારેમાસ થયા પુરા, ગ્નાને સમજે તે નર સુરા; દાસ વનમાળી કહે ચરણે રહીએ. ॥ નીત નીત હરી સ્મરણુ કરીએ. ॥

મહીના લખ્યા છે. રાગ–ગરબાનો: કારતક માસે કૃશ્ન તમને કહીએરે, આ ચરીત્ર તમારૂ નાથ હમો સૌ લહીએરે: ॥ નંદ જસોદાજીએ તપ કર્યું તે કહીએરે, તેને વરદાન આપ્યું: મહારાજ હમે સૌ લહીએરે, તમો વરદાન આપ્યું. પુત્રનું તે કહી-એરે. તે માટે ધર્યો અવતાર હમો સૌ લહીએરે: દાસ વનમાળીના નાથ તમને કહીએરે: તમે કીરપા કરો મહારાજ હમો સૌ લહીએરે: ॥ માગશરે મળવા માતને તમો આવ્યારે: ધર્યું સુંદીર રૂપ પરકાસ સૌને ભાવ્યારે: ॥ સોળ ચેન તમો આગે ધરી તમો આવ્યારે: દીઠું માતાએ દેવકીએ રૂપ મનમાં ભાવ્યારે: માતાએ તરતજગાડીઆ તમો આવ્યારે: ઊઠી વાસુદેવે જોઆ નાથ મનમે ભાવ્યારે: વાસુદેવે વીનતી કરી તમો આવ્યારે. કરજોડી કરૂ પરણામ મનમે ભાવ્યારે; દાસ વનમાળીના નાથ તમે આવ્યારે, વાસુદેવને કીધી વાત મનમાં ભાવ્યારે; પોસે પ્રભુજી એમ કહે સુણુ વાતરે, મને મુકી આવ્યા ગોકુળ ગામ કહ્યું તાતરે ॥ કંસરાય જ્યારે જાંણશે સુણુ વાતરે, ત્યારે થાશે મહા ઊતપાત કહ્યું તાતરે; ગોકુળમાં રહ્યા નંદજી સુણુ

જાતરે, ત્યાંહાં લીધો વીજળીએ અવતાર કહુછું તાતરે. મને ત્યાંહાં મુકીને આવજ્યો સુણ વાતરે, તાંહાંથી વીજળી લાવજ્યો સાથ કહુ છું તાતરે; એવું કહીને રૂપ સંભારી સુણ વાતરે. દાસ વનમાળી ગુણ ગાય કહુંછું તાતરે. ॥ માડે મોહનીરૂપ ધર્યું અતિ નાનુંરે ધર્યું બાળક કેરૂ રૂપ રહ્યુ છે છાનુંરે; રખવાળા છે કંસના અતી નાંનુરે, તે કોઇએ ન જાણી વાત રહ્યું છે છાનુંરે; દેવકી મનમાં હરખીઆં અતી નાંનુરે. બાળક દેખી દીલમાંહી રહ્યું છે છાંનુરે, વાસુદેવ કહે સુણ વાતડી અતી નાંનુરે; લાવો પુત્રને મારી પાસ રહયુ છે છાંનુરે; દેવકી કહે કેમ દીજીએ અતી નાંનુરે; પર ઘેર આપતાં મન કેમ થાય રહયુંછે છાનુંરે; દાસ વનમાળીના નાથ ધરયું રૂપ નાંનુરે, કંસરાયની કરવા પેર રહયું છે છાનુંરે. ॥ ફાગણે વાસુદેવ બોલીઆ સુણ નારીરે, જઇ મેલી આવું ગોકુળ ગામ ચરણે ચાલીરે; લાવોની તમો પુત્રને સુણ નારીરે, તમો કહાં લગાડો વાર ચરણે ચાલીરે, કંસરાય જ્યારે જાંણુશે સુણો નારીરે, મેલી આવું ગોકુળ ગામ ચરણે ચાલીરે. મનમે સમજો સાંનમે સુણ નારીરે, જે હરીએ કહી તે વાત વાસુદેવ ત્યાંથી ચાલીયા, ચાલી આ સુણ નારીરે; દાસ વનમાળી ગુણ ગાય ચરણે ચાલીરે, ચઇતર ચરીત્ર નાથનું તે કહીએરે. તડી ચાલ્યા વાસુદેવ નાત તે મનમે લહીએરે, ભુંગલ વાગી દુવાર ઉઘાડયા તે કહીએરે, એનો મરમ ન જાણે કોઇ હમો સઉ લહીએરે. રક્ષક જે રાજા તણા તે કહીએરે તેની નીંદ્રા ભરી છે કાયમ તમે લહીએરે. વાસુદેવજી જમુના આવીઆ તે કહીએરે; ઝીણા ઝરમર વરસે મેગ મનમાં લહીએરે, ચરણ ધરી પરસવ કર્યો તે કહીએરે. આવ્યાં જમુનાં ચરણોદીક કાજ મનમાં લહીએરે, દાસ

દાસ વનમાળીના નાથને તે કહીએરે. શેસે આવીને ધર્યું છે છત્ર મનમાં લહીએરે; વૈશાખે વીનતી કરી હરી સાથેરે. આવી ઉતર્યા જુ- મનાં તીર ગોકુળ ઘાટેરે; ગોકુળ ગામમાં પરવર્યા હરી સાથેરે. ગયા નંદજી કેરે ઘેર ગોકુળ ઘાટેરે; જસોદાનંદ જાંણે નહી હરી સાથેરે. લીધો વીજળીએ અવતાર ગોકૂળ ઘાટેરે, જસોદા પાસે મુકયા જુગ તાતને હરી સાથેરે; તેના જાણે કંઈ માત ગોકુળ ઘાટેરે. અસ્તુતી કરી નાથની હરી સાથેરે, ફરી ફરીને કર્યા પ્રણામ ગોકુળ ઘાટેરે; વાસુદેવ હરીને મેલીને હરી સાથેરે, લીધી વીજળી ચાલ્યા વાટ ગો- કુળ ઘાટેરે, જુમનાં તીરે ઉતર્યા હરી સાથેરે. દાસ વનમાળી ગુણ ગાય મથુરાંની વાટેરે; જેઠે મથુરા આવીઆ સુણ વાતરે, આવી બાળકી દેવકીને હાથ સુણજ્યો સાથરે. કાળામહમાં આવીઆ સુ- ણ વાતરે. વાસુદેવજી બોલ્યાં વાંણુ સુણજ્યો સાથરે; મણી મેલી કુ- થીર લાવીઓ સુણ વાતરે અમે કીધું એવું કામ સુણજ્યો સાથરે; દેવકી કહે સુ કીજીએ સુણ વાતરે. પરઘેર મુકયો પુત્ર સુણજ્યો સાથરે કરમે લખ્યું તેવું થયું સુણ વાતરે હરી માયા છે ભગવંત સુણજ્યો સાથરે. બાળક રોવા માંડીઉ સુણ વાતરે, ત્યારે જાગ્યા તે રખવાળ સુણજ્યો સાથરે; દાસ વનમાળી સાચુ કહે સુણ વાતરે ગોકુળ પધાર્યા નાથ સુણજો સાથરે, અખાડે આનંદ થયો જઈ કહીએરે. કંસરાયને કરીએ જાણ વાલા થઇએરે, રખવાલ આવ્યા દરબારમાં જઈ કહી- એરે જયાં બેઠો છે કંસ ભુપાળ વાલા થઇએરે શીષ નમાવી તે વદે જઇ કહીએરે. કંઇ દેવકીને પ્રગટયું છે બાળ વાલા થઇરે; વાણી એવી સાંભળી જઇ કહીએરે. સીંહાસનથી ઢળીઆ રાય વાલા થઇએરે; મનમાં ભય પાંમ્યાં ઘણું જઇ કહીએરે. એ અવતરીઓ મારો કાળ

વાલા થઇએરે; દાસ વનમાળીની વીનંતી જઇ કહીએરે. કંસરાયને થશે જાંણુ વાલા થઇએરે; શ્રાવણે ત્યાંથી ચાલીઓ ક્રોધ કરીનેરે. આવ્યો કાળાગ્રેહની માંય ખડગ ધરીનેરે. આવીને વાંણી વદ્યો ક્રોધ કરીનેરે. લાવો બાળક મારી પાસ ખડગ ધરીનેરે; દેવકી કહે એ પુત્રી છે સુણ ભાઇરે. શું કરેસ નાંનું બાળ રવાદે આંહીરે; ખોળા પાથરી દેવકી કહે સુણ ભાઇરે. પુત્રી રહેવા દે આજ દયા મન આંણીરે; જુંટાવીને લઇ ગયો નવ માંન્યુંરે, દેવકીએ કીધો શોક આંસુ આંણ્યુંરે. ।। દાસ વનમાળીના સ્વામીની એવી લીલારે, થયું દેવકીને મહાદુખ થઇ ઘણી પીડારે; ભાદરવે લઈ ચાલીઓ કંસં રાજારે. લઈ પછાડી પથ્થર સાથ, ઉડી આકાશેરે તે જોઇને વિસ્મય થયો કંસ રાજારે, આતો વીપ્રીત સરખી વાત નહિ મારો કાળરે; પછે જ્ઞાન આવ્યું કંસરાયને મનમાં પસ્તાયરે. મેં બાળક માર્યા સાત ઘણુ થઉ પાપરે; એવુ જાંણી કાળાગ્રેમાં આવીઓ કંસરાજારે. વાસુદેવને નમાવ્યું શીસ દીનતા થાતોરે; હુ અપરાદી છું તમ તણો એવુ બોલ્યોરે. મે પુત્ર માર્યા સાતમદમાં ડોલ્યોરે; ગદગદ કંઠે કંસ કહે સુણ વાંણીરે. મારો ક્ષમા કરો અપરાદ નૈણે ભર્યા પાંણીરે; સ્તુતીકરી વાસુદેવની મનમાં જાંણીરે. હાથ ઝાલી બોલ્યા વાસુદેવ મુખથી વાંણીરે; દાસ વનમાળીના સ્વાંમીની એવી લીલારે. કંસે જાણ્યું મન માંહી મટી ગઈ પીડારે ।। અસ્વને વાસુવ દેવ બોલીઆ સુણ રાય. કહાં ધરો છો દુખ અપાર કહુ શું રાયરે; જેહ લખ્યું છે તે થાય છે સુણ રાયરે. વીધાત્રીના લખીઆ લેખ કહુ છુ રાયરે, તે માટે દુખ સાંને ધરો સુણ રાયરે; જે થવાનુ તે થાય કહુ છુ રાયરે; સંસારમાં સૌ જગતમાં સુણ રાયરે. સુખ દુખ લખ્યાનો જોગ કહુ છું રાયરે. એમાં તમારો વાક નથી

સુણુ રાયરે. તમો દુઃખના ધરશો લગાર કહુ છું રાયરે, વાસુદેવની વાણી સાંભળી સુણુ રાયરે, છોડયું બંધન ત્યાં તતકાળ કહુ છું રાયરે, વાસુદેવ દેવકીને ચરણે પડયો સુણુ રાયરે, પછી પહોંચાડયાં ઘરદવાર કહુ છું રાયરે, દાસ વનમાળીના સ્વામીની એવી લીલીરે, વાસુદેવ દેવકી ગયાં ઘેર મટી ગઇ પીડારે. બારે માસ પુરણુ, ॥

રાગ પ્રભાત ૧ લું:—પ્રાંતસમે પ્રભુને જગાવે પ્રગટ રૂપ મોરારીરે, અસ્તુતી વીનંતી કરીને સેવા કરે અતી ભારીરે, પ્રેમનાં પુષ્પ ચીત ચંદન બનાવી તન તીલક કરાવીરે, ॥ કાને કુંડલ હાર હરીને પુષ્પ માળા ધરાવીરે, ધુપ ધ્યાન કરી આરતી ઉતારી મરદંગ ઝાંઝ બજાવીરે, ॥ પ્રાંતસમે, ॥ ભાવતાં ભોજન મુખવાસ બીડાં સેજ સેજ્યા ઢાલીરે. દાસ વનમાલી નીત નીત સેવે ચરણુ કમળ બલીહારીરે; પ્રાંતસમે પ્રભુને જગાવે પ્રગટ રૂપ મોરારીરે, ॥

રાગ પ્રભાત ૨ જુ:—સમરૂ નામ સદા સુખકારી જે જે ગોવરધનધારીરે, વંદરાવનમાં ધેન ચરાવે રાસ રમે વનમાળીરે; સુંદીર વદન લલાટ ઇંદુરૂપ તણો ભંડારરે, ॥ સમરૂ નામ, ॥ પાએ ઘુઘરી મુખ મોરલી. ચરણુ કમલ જાઉ વારીરે, ઘુઘરી ઘસકે મોજડી ચમકે હીરા માણેક મઢી લાલીરે, ॥ સમરૂ નામ, ॥ કેડે કંદોરો બાંહે બાજુબંધ વેડ વીંટીઓ જડાવીરે, કંઠે એકાવન હાર બીરાજે મુખ મોરલી ધન ઘેરીરે. ॥ સમરૂ નામ ॥ કેસરી વાગો અંગે બીરાજે ભાર તીલક અતી ભારીરે, દાસ વનમાળી ચરણે સેવક બાંહે ગ્રહી મેતારીરે, ॥ સમરૂ નામ સદા સુખકારી જે જે ગોવરધન ધારીરે. ॥

રાગ પ્રભાત ૩ જુ:—જાગોરે અલબેલા વાલા ગઉ ચારવા ગીરધારીરે, સરવે ગોવાળીએ ઘેનને છોડી ઉભા રહ્યા સૌ ઘેરીરે.

પાસે જઈ જસોદાજી બોલાવે નીદ્રાવશ ગીરધારીરે, ॥ જાગોરે, ॥ નીદ્રા તજી સાંમળીઓજી બોલ્યા, ગઉ નહી ચારૂ તેરીરે, દહી દુધ બળભદ્રકુ પવાડે હમકુ ચઢાવત ચોરીરે, ॥ જાગોરે, ॥ દાસ વનમાળી ચરણે સેવક માતા રહી કરજોડીરે, ॥ જાગોરે, ॥ અલબેલા વાલા; ॥

રાગ પ્રભાત ૪ થુઃ—કીરપા કરજો દાસને અની હાંહાંરે, આવી ઘટમાં રેહેજો, ॥ અંતરજામી આનંદ સુરે, અની હાંહાંરે, આવી દરસન દેજો, ॥ કીરપા કરજો, ॥ હોંસ ઘણી મળવા તણી, અની હાંહારે, મારૂ મનડુરે હરખે, વીલંબ ન કરશો નાથજીરે. અની હાંહાંરે, મારૂ મનડુ તલખે, ॥ કીરપા કરજો, ॥ વાલા આવજો કે હેતા વારમે અની હાંહાંરે પ્રીત પુરવની જાણી વાલા રીશ ન રાખીએ, અની હાંહાંરે આવી દુખડાં હરજો ॥ કીરપા કરજો, ॥ વાલાજી વેગે આવજો અની હાંહાંરે નીજ દાસને જાણી અવગુણ મારા અતી ઘણારે, અની હાંહાંરે, કરો સેવકનીરે સાહી, ॥ કીરપા કરજો. ॥ આશા તમારી અતી ઘણી અની હાંહાંરે, પ્રભુ આવી મળજો, ॥ કીરપા કરજો દાસને. ॥

રાગ પ્રભાત ૫ મુંઃ—કરો કીરપા કરૂણા કરી અની હાંહાંરે, આવી દરસન દેજો, દાસ પોતાનો જાણીને અની હાંહાંરે; મને ચરણે લેજો. ॥ કરો કીરપા. ॥ અવગુણ મારા અતી ઘણા અની હાંહાંરે. નથી કરમનો પાર, અનેક જનમનો આંધળોરે અની હાંહારે. તેથી દરસન નવ થાય ॥ કરો કીરપા ॥ વાલા બંધન બહુ સંસારનું અની હાંહારે નાનાં વીધ પરકાર, તેમાં સુજ પડતી નથી અની હાંહાંરે; કહુછું વારંવાર. ॥ કરો કીરપા. ॥ હું તો ભવસાગરમાં પડ્યો હરી અની

હાંહાંરે, પ્રભુ પાર ઉતારો, સંસાર બંધન ટાળીને કરો ભવસાગર બારો. ॥ કરો કીરપા. ॥ કંઇ એક કામ અડે નહીં, અની હાંહાંરે નીત હરી ગુણ ગાવા, દાસ વનમાળીની વિનંતી અની હાંહાંરે; દેહીનાં દુખ જાવા. ॥ કરો કીરપા કુરણા કરી. ॥

રાગ પ્રભાત ૬ ઠું:—વાલા સમરથછો શ્રી નાથજી અની હાંહાંરે. કામ અનેકજ કીધાં, ભકતને સરવે આધીન થઇ અની હાંહાંરે, સૌ દરશન દીધાં. ॥ સમરથ છો ॥ વાલા ભકતના કારજ સારીઆં અની હાંહાંરે, સૌનાં દુખડાંરે ટાળ્યાં; તમો મારાં દુખડાં ટાળજો અની હાંહાંરે કહું છું શીરનામી ॥ સમરથ છો ॥ વાલા સંસાર સરવે છે બાદલો અની હાંહાંરે, જેવું જાંજવાનું પાણી દીઠું પણ પીધુ નહી અની હાંહાંરે; મુવો ધઇ ધઇ કુટાઇ. ॥ સમરથ છો ॥ પ્રભુ ગજનીવારે ચડયા હરી અની હાંહાંરે, ઝુડ મારી ગજ ઉગાર્યો. તે વીશ્વાસે વળગી રહયો અની હાંહાંરે, કરો ભવ સાગર બારો. ॥ સગરથ છો. ॥ વાલા જોરે કૃપા મુજને નહી કરો અની હાંહાંરે, ધ્રજ જાસે તમારૂ, ટેક જાસે બાંના તણીરે અની હાંહારે કહું છું ચીરનામી. ॥ સગરથ છો. ॥ વાલા દયા કરજ્યો દીનાનાથજી અની હાંહાંરે, સૌ જાણોછો અંતરજામી; મનના મનોરથ પાળવા અની હાંહાંરે, નીત ગઉ તારી વાંણી. ॥ સમરથ ॥ વાલા નીરભે નામ હરી તમતણું અની હાંહાંરે, આવી રૂદીયામાં રેહેજો. દાસ વનમાળી એમ કહે અની હાંહાંરે આવી દરશન દેજો ॥ સમરથ છો શ્રી નાથજી અની હાંહાંરે, કામ અનેકજ કીધાં. ॥

રાગ પ્રભાત ૭ મુંઃ—પ્રગટ છે પરમાતમા અની હાંહાંરે, તે જોયાગાં ન આવે; માયા પડદો અંતર વીશેરે અની હાંહાંરે, તેથી

હુરે કડાવે. ॥ પ્રગટ છે. ॥ જેમ સુરજ ઢાંકયોરે વાદળે અની હાંહાં-રે, તેમ અંધારૂ દીસે, એમ માયાએ ઢાંકયો છે આત્મા અની હાંહાંરે તેથી કંઇ ન સુજે. ॥ પ્રગટ છે. ॥ તમે જુવો પોતાના રૂપને અની હાંહાંરે, સતગુરૂ શબ્દ પ્રકાશી; અંતરનો મેલ જો ટળે તો અની હાંહાંરે, મળી પુરણ અવીનાશી. ॥ પ્રગટ છે. ॥ ગળશે નરહર ના-થજી અની હાંહાંરે, સૌ દુખડાં જાશે; દાસ વનમાળી એમ કહે અની હાંહાંરે, હરી ઘટ ઘટ વાસે. ॥ પરગટ છે પરમાત્મા. ॥

રાગ પ્રભાત ૮ મું:—રાધાકૃશ્ન ભજ કુંજબીહારી, મોરલીધર શ્રી ગોવરધનધારી. ॥ રાધાકૃશ્ન ॥ જુમનાંકી નીર તીર ધેન ચલાવે, ઓડત કાંમળ કારી. ॥ રાધાકૃશ્ન ॥ વંદ્રાવનમાં રાસ રચ્યો હે, ખે-લત સંગે રાધા પ્યારી. ॥ રાધાકૃશ્ન. ॥ મોર મુગટ પીતાંબર સોહે, કુંડલકી છબી ન્યારી. ॥ રાધાકૃશ્ન ॥ લીલાટ તીલક બીરાજે કેસરનાં, શોભા બની અતી સારી. ॥ રાધાકૃશ્ન ॥ દાસ વનમાળી કરે વીનતી, ચરણ કમલ બલીહારી. ॥ રાધાકૃશ્ન ભજ કુંજબીહારી. ॥

રાગ પ્રભાત ૯ મું:—જાગોરે જસોદાજીના જીવણ હું બલીહારી જાઉરે, ઝારી જળ ગંગાનું ભરીને દાતણ હું કરાવું રે. ॥ જાગોરે. ॥ જળ જુમનાંનું ઉનું કરીને સ્નાન કરાવું રે, રત્ન જડીત્ર બાજઠે બેસાડી પીતાંબર પેરાવું રે. ॥ જાગોરે ॥ કાને કુંડળ હાર હીરાનો મુસ્તકે મુગટ ધરાવું રે, બાંહે બાજુબંધ બેરખાં સોહે; ચરણે ઘુઘરી ઝણકાવું રે. ॥ જાગોરે ॥ દસ આંગળીએ દસ વેડ બીરાજે, કેડે કંદોરા સોવડાવું રે. ॥ જાગોરે ॥ આભુસણ બહુ અતી ભાતનાં, હેતેથી હું પેહેરાવું રે. ॥ જાગોરે ॥ કેસર આડ લલાટ બનાવું, વાગો જર-કસી પહેરાવું રે. ॥ જાગોરે ॥ પેય પકવાન મીઠા રસ મેવા,

થાળ ભરી હું લાવું રે ॥ જાગોરે ॥ આરોગી ઉઠયા અંતર જામી, આચમન સુદ્ધાં કરાવું રે. ॥ જાગોરે ॥ કાથો ચુનો પાંનનાં બીડાં, મુખવાસ પ્રભુને કરાવું રે. ॥ જાગોરે ॥ પલંગમણી માણેક જડીઓ, તળઇ તકીયા નંખાવું રે. ॥ જાગોરે ॥ હેતીથી પ્રભુને નીરખી, સજ્યા માંહે પોરાડુરે. ॥ જાગોરે. ॥ વીજણો લઇને વાયરો ઢાળુ, ફરી ફરી મુખ નીહાળુરે. ॥ જાગોરે ॥ દાસ વનમાળી કરે વીનતી, ચરણે કમળ ચીત રાખીરે. ॥ જાગોરે જસોદાજીના જીવણુ હું બલીહારી જાઉં રે.' ॥

રાગ પ્રભાત ૧૦ મું:—આજ સખી ઘેર કૃષ્ન પરોણા શી શી જુગત કરેશરે, અનમેસો ઓચીંતા આવ્યા; કર જોડી પાયે પડેશરે. ॥ આજ સખી ॥ સીંઘાસન બેઠા મારા સ્વામી, ત્યાં જઇ વીનતી કરેશરે; કીરપા કરી મુજ દીનની ઉપર, હવે ભવસાગર તરેસરે. ॥ આજ સખી. ॥ ખીર ખંડ ઘ્રત ઘેબરાં કીધાં, માંહે આંબારસ ઘોળેશરે; પેંડા પતાસાં અતી શુભકારી, છપન ભોગ ધરેશરે. ॥ આજ સખી ॥ શાક બનાવ્યું અતીમઝાનું, માંહે તુંબડુ તુરીઉં સારરે, અનેક પ્રકારના શાક ઘણાં છે સરવે લાવી ધરેશરે. ॥ આજ સખી ॥ પ્રસાદ રસોઇ થઇ સૌ પુરી, થાળ લાવી મહારાજરે; પ્રેમ કરી પ્રસાદ કીજે, હેતેથી આરતી કરેશરે. ॥ આજ સખી ॥ આરોગી ઉઠયા અંતર જામી, પાનનાં બીડાં ધરેશરે; લવીંગ સોપારી એલચી સરવે, મુખ માંહે ધરેશરે. ॥ આજ સખી. ॥ પલંગ બીછાવુ પ્રભુજી પોઢો. મુજને કીરપા કીજેરે. દાસ વનમાળી ચરણે શેવક. નીત નીત દરસન દીજેરે. ॥ આજ સખી ઘેર કૃષ્ન પરોણા શીશી જુગત કરેશરે. ॥

રાગ ઠુમરી ૧ પહેલી. જેશ્રી વલ્લવનાથ હરીરે. મોહે ગરીબ પર કીરપા કરીરે ॥ જે શ્રી ॥ અનેક જનમનાં પાપ બહુ કરીયું, તમો સ્મરણુ કરતાં જાય બળીરે ॥ જે શ્રી ॥ જપશે નામ રસનાયે શ્રી વલ્લવ. ભેટતાં દુખ જાય ટળીરે ॥ જે શ્રી ॥ શરણુંાગત રાખો મુજને સ્વામી, મુજપર મોહન મેહેર કરીરે ॥ જે શ્રી ॥ દાસ વનમાળી કરે વીનતી, ચરણુ કમળમાં ધ્યાન ધરીરે ॥ જે શ્રી વલ્લવ નાથ હરીરે ॥

રાગ ઠુમરી ૨ જી. ભજો શ્રી વલ્લવ નાથ • વીઠલંને, અનેક જનમનું પાપ બાળે પલમે ॥ ભજો શ્રી ॥ હેતે નામ ભજે આનંદ કારી, તોડાવે માયા જંજાળને ॥ ભજો શ્રી ॥ ભજતાં સુખ થાય અતી સારૂ, નવ દેખે જમ રાજાના મારને ॥ ભજો શ્રી ॥ દાસ વનમાળીના સ્વામી છે રસીઓ, પ્રેમ કરી ચીત રાખજ્યો દિલમાં ॥ ભજો શ્રી વલ્લવનાથ વીઠલને ॥

રાગ ઠુમરી ૩ જી ॥ બ્રીજકી લતા લાગે પીયારી, મોર બપૈયા બોલે જારી ॥ બ્રીજકી ॥ સુંદીર વન પ્રીમળ ઘણી પુસ્પની ભમર ગુંજા કરે અતી ભારી ॥ બ્રીજકી ॥ વંદ્રાવનકી કુંજ ગલીનમાં, ફરત ગોપી બે બાલી ॥ બ્રીજકી ॥ બંસી બજાવી વાલો ગોપીને તેડે, આવત હે ગોકુળ બ્રીજ નારી ॥ બ્રીજકી ॥ મોહનજીકી મોરલી સુણુતાં, ઘેર ઘેર ગોપી થઇ ઘેલી ॥ બ્રીજકી ॥ દાસ વનમાળી કરે વીનંતી, ચરણુ કમળપર જાઊં બલીહારી ॥ બ્રીજકી લતા લાગે પ્યારી, મોર બપૈયા બોલે જારી ॥

રાગ ઠુમરી ૪ થી. રંગ રંગીલો છે મારો વાલો, કોઇ નરખી રૂપ નીહાળો ॥ રંગ રંગીલો ॥ સુંદીર રૂપ અતી બહુ શોભે, બ્રિ-

ચુટી કરી કંઇ ભાળો ॥ રંગ રંગીલો ॥ ચરણે ઘુઘરી રણ જણ વાગે, ચમકતી ચાલ નીહાળો ॥ રંગ રંગીલો ॥ કાને કુંડળ હાર અનોપ, મુકતાફળ મોતીવાળો ॥ રંગ રંગીલો ॥ શંખ ચક્ર ગદા પદમ બીરાજે, સુંદીર લોચન અણીઆળાં ॥ રંગ રંગીલો ॥ દાસ વનમાળીનો સ્વામી છે રસીઓ, કાનજી છે કામણગાળો ॥ રંગ રંગીલો છે મારો વાલો ॥

રાગ ઠુમરી ૫ મી. ગોકુળમાં ખેલત હે ગીરધારી, દધી માખણ લાવત બ્રીજ નારી ॥ ગોકુળ ॥ ધન્ય ભાગ્ય નંદ બાવા કે, હરી મુખ નરખત દોડી દોડી ॥ ગોકુળ ॥ જસોદા માતા આનંદ પામે, મોહી રહી બ્રીજ નારી ॥ ગોકુળ ॥ દધી ગોરસનું દાણુજ માગે, લુટત હે બ્રીજ નારી ॥ ગોકુળ ॥ દાસ વનમાળીના સ્વામી રસીઆ, વંદ્રાવન ગોચારી ॥ ગોકુળ ॥

રાગ ઠુમરી ૬ ઠી. મોરલીધર મુગટ પરવારી, વારી મે જાઉ બલીહારીરે ॥ મોરલીધર ॥ કાને કુંડલ લોલક લટકે, કીકી તે કાંમણગારીરે ॥ મોરલીધર ॥ કંઠ હાર હીરાનો સોહે, રત્ન જડીત્રમાંહી લાલીરે ॥ મોરલીધર ॥ વનમાળીનો હાર બીરાજે, પુષ્પ પીમલ ઘણી પ્યારીરે ॥ મોરલીધર ॥ બાહે બાજુબંધ બેરખાં સોહે, કડ પાંચીની શોભા સારીરે ॥ મોરલીધર ॥ કેસરી વાગો અંગે બીરાજે, સાલ તણી શોભા સારીરે ॥ મોરલીધર ॥ કટીપર પીતાંબર પીળાં બીરાજે, કેડે કંદોરો શોભા સારીરે ॥ મોરલીધર ॥ પાએ ઘુઘરી રણઝણ વાગે, મોજડી ચમકારીરે ॥ મોરલીધર ॥ ચરણ કમલપર પદ્મ મહી જલકે, વીધ વીધ શોભા સારીરે ॥ મોરલીધર ॥ સરવે રૂપ અંગનું જોતાં, નરખતાં જાઉ બલીહારીરે ॥ મોરલીધર ॥ દાસ

વનમાળી કરે વીનંતી, બાંહેગ્રહી મેં તારીરે ॥ મોરલીધર મુગટ પર વારી ॥

રાગ ઠુમરી ૭ મી ॥ ભજ મન રાધા કૃષ્ણ ગીરધારી, શી ગત થાશે તારીરે, ભજ મન રાધા કૃષ્ણ ગીરધારી ॥ મોહ મમતામાં શું લપટાયો, એ માયા નહી તારીરે ॥ ભજ મન ॥ દેહી ભરૂસો કાચો જાણી, કર સ્મરણ મોહ મારીરે ॥ ભજ મન ॥ હંકાર લો-ભનો મદ ત્યાગી, કાલ કુબુધીને કાઢીરે ॥ ભજ મન ॥ ભજતાં સુખ થાશે અતી સારૂ, જેવી ગૌતમ નારી તારીરે ॥ ભજ મન ॥ દાસ વનમાળીના સ્વામીને ભજીને, સંસાર બંધન નાખો તોડીરે ॥ ભજ મન રાધા કૃષ્ણ ગીરધારી ॥

રાગ ઠુમરી ૮ ॥ મી ॥ હરી સ્મરણ પદ પાવે, નર હરી સ્મ-રણ પદ પાવેરે ॥ હરી સ્મરણ ॥ મુનસા દેહીનો લાવો મોટા, ફરી ચોરાસીમાં ન આવેરે ॥ હરી સ્મરણ ॥ માયા જાળ જુઠી બંધાણી હરી વીના કોણ છોડાવેરે ॥ હરી સ્મરણ ॥ જુઠી માયા જુઠી કાયા, જુઠો તું ધંધ લગાવેરે ॥ હરી સ્મરણ ॥ જુઠી માયા જગતની જાણી, જુઠો ઠાઠ ચલાવેરે. ॥ હરી સ્મરણ ॥ જો જાગી તારા ઘટ ભીતર, તુ તુજમાં સમાવેરે. ॥ હરી સ્મરણ ॥ દાસ વનમાળીના સ્વાંમી ચ-રાચર, સતગુરૂ સ્નેહે ઓળખાવેરે. ॥ હરી સ્મરણ પદ પાવે=નર હરી સ્મરણ પદ પાવેરે ॥

રાગ ઠુમરી ૯ મી ॥ હરીનો રસ અતી મીઠો, પીઓ નર હરીનો રસ અતી મીઠોરે. ॥ હરીનો ॥ રસ વરસ્યો અમરીત વાંણી, સત ગુરૂ શબ્દથી દીઠોરે. ॥ હરીનો ॥ ગ્નાન બોધ અંતર સુખ જા-ણી, પ્રેમ પીઆસો દીઠોરે. ॥ હરીનો ॥ ગુરૂ ગમ વીના દાઘન લાગે,

તે નર જાણ્યા ફીકા. ॥ હરીનો ॥ રસ પીએ કોઇ વીરલા જોગી, સુરતા શબ્દથી વીટયા. ॥ હરીનો ॥ સતગુરૂ શબ્દનો વીશ્વાસ આંણી, પ્રેમે પ્રકાશ કીધો. ॥ હરીનો ॥ સત સમાગમે એ રસ મળશે, પ્રેમે પીવાય તો પીજો. ॥ હરીનો ॥ દાસ વનમાળીના સ્વાંમી ઘટ ઘટ, પરગટ રૂપે દીઠો. ॥ હરીનો રસ અતી મીઠો, પીઓ નર હરીનો રસ અતી મીઠો ॥

રાગ ઠુમરી ૧૦ મી ॥ સાંમળીયા ગીરીવર ધારીરે, તારા મુગટકી છબી ન્યારી. ॥ સમાંળીયા ગીરીવર ધારીરે ॥ કાને કુંડલ છે અતી ભારી, રત્ન હીરા જડાવીરે; મુખ રૂપ અતી બહુ સોભે, દેખી મુનીજનનું મન લોભેરે. ॥ સાંમળીયા ॥ ચરણે ઘુઘરીનો ધનકારો, મોજડી હીરા જડાવરે; બાંહે બાજુબંધ બેરખાં સોહે, કેડે કંદોરો વીશાળરે. ॥ સાંમળીઆ ॥ કંઠે માળ મુકતા ફળ તણી, મુગટે મોતી જડીઆંરે; વેડ વીટીઓ દસે આંગળીએ, પ્રભુ આવો એકાંતે મળીએરે. ॥ સાંમળીયા ॥ તારારૂપ ઉપર જાઉ બલીહારી, નિરખત કુંજબીહારીરે; હુ મુરખને દરસન દેજો, વારે વારે શું કીજેરે. ॥ સામળીયા ॥ મોટા મોટા મુનીજંન મંગળ ગાએ, છબી વરણવી ન જાયરે; નીત્ય જ્ઞાનરૂદેમાં આંણી, સેવો સારંગપાણીરે. ॥સાંમળીયા॥ હુ મુરખ તે કંઇ નવ જાણું, તમો કીરપાથી ગુણ વખાણુંરે; તમો દાસને કીરપા કીજે, વીનતી માની લેજયોરે. ॥ સાંમળીયા ॥ તમો ભકત ઓળખોછો સ્વામી, કરો કીરપા અંતર જામીરે; દાસ વનમાળી હરી ગુણ ગાયે, નીત નીત ચરણે નામી. ॥ સાંમળીયા ગીરીવર ધારી તારા મુગટકી છબી ન્યારીરે ॥

રાગ ઠુમરી ૧૧ મી ॥ મહાદેવની ॥ શીવશંકરને પાએ લાગુ,

શકર સીવ સમાનરે. ॥ સીવશંકર ॥ ભોળા શંભુ કીરપા બંધુ, નોધારના આધારરે; અનેક દુખ તે હણે હેલામાં, શંકર શ્રી મોરારરે. ॥ શીવ શંકરને ॥ વાઘંબર આભુષણ સોહે, રૂંઢમાળા અતીસારરે; ડાકડમરૂ રણસીંગ વાગે, એવા દેવ દયાળરે. ॥ શીવ શંકરને ॥ ભસ્મ ગોળો છે અતી સુંદર, જટા સોહે અપારરે; જાન્હવી ગંગા જોત બીરાજે, એવા છે સમરથ નાથરે. ॥ શીવ શંકરને ॥ કર જોડીને કરૂ વીનતી, મેં વરણવ્યા ન જાયરે; જોતાં તેજ અતી બહુ સોભે, રૂપ તણો ભંડારરે. ॥ સીવ શંકર ॥ ભંગી ચંગી ગણેશ છે પાસે, નંદી વાહન સારરે; ભુત પ્રેતના સરવે સંગી, દોઠે ભવ દુખ જાયરે; ॥ શીવ શંકરને ॥ કીરપા કીજે દરસન દીજે, સેવક જાણી નાથરે; દાસ વનમાળી એટલું માગે, ચરણ કમળની આશરે. શીવ શંકરને પાએ લાગુ. શંકર શીવ સમાનરે ॥

ઠુમરી ૧૨ ॥ કીરપા કરીને દર્શન દેજો શંભુ દીન દયાળરે, અપરાધી છું અનેક જન્મનો કરમ તણો નહી પારરે, અનેક જનમનો અંધો પ્રાણી તેથી દરસન નવ થાયરે, કીરપા કરીને દરસન દેજો, કીરપા સીંધુ દીનના બંધુ ઉતારો ભવ પારરે. કીરપા કીજે દરસન દીજે, ભકત ઓછવ પ્રતી પાળરે. ॥ કીરપા કરીને ॥ એવું જાણી શરણે આવ્યો બાંહે ગ્રહ્યાની લાજરે, અનેક ભકતને વરદાન આપ્યાં સૌની પુરી આશરે. ॥ કીરપા કરીને ॥ તે વિશ્વાસ છે આ ઘટમાં આવી મળજો નાથરે, દાસ વનમાળી એટલું માગે. જોડી બંનો હાથરે. ॥ કીરપા કરીને દરસન દેજો શંભુ દીન દયાળરે. ॥

ઠુમરી ૧૩. ભોળા સ્વામી અંતરજામી હું ગાઊ ગુણ અપારરે, હુ મુરખ તો કાંઈ ના જાણું મુઢ મતી અજ્ઞાનરે, ભવસાગરથી

બુડતાં રાખો, વેગે ઝાલી હાથ ॥ ભોળા સ્વામી ॥ સંસાર સાગરથી કરો ન્યારો, વેગે ઝાલી હાથરે, હાથ ઝાલી હવે કયાં જશો કીરપા કરો કીરપાળરે ॥ ભોળા સ્વામી ॥ શરણે રાખો દુખડાં કાપો, સ્થીરતા કરો મારૂ મનરે. તમારાં ચર્ણુ હું નિત્ય નિત્ય શેવું, ગાઊ ગુણુ ગોવીંદરે ॥ ભોળા સ્વામી ॥ તમો ચરણુ હું નિત્ય નિત્ય વંદુ દીન બંધુ દયાળરે, દાસ વનમાળી ચરણે રાખો, બાંહે ગૃહ્યાની લાજરે ॥ ભોળા સ્વામી અંતરજામી હું ગાઊ ગુણુ અપારરે ॥

રાગ કાફીનું પદ જે નરહરી ના ભજે તેનો ધીક મનશા અવતાર, મનશા દેહી દુર્લભ તારી આવી. મુઢ ભૂલ્યો રે ગુમાર રે ॥ જે નરહરી ॥ કીરપા કરી તને કાયા આપી, હરી ભજવા કીધી મહેર રે ॥ જે નરહરી ॥ આવીને તેં શું સુખ લીધું, હરી ન બેઠો ઘડી ઘેરરે ॥ જે નરહરી ॥ અમરીત વસ્તુ આવી હાથે તેને મુકી પીધું ઝેરરે ॥ જે નરહરી ॥ જાણી જોઇને તું જગમાં પડીયો, નીસરે તો થાય સહેલરે ॥ જે નરહરી ॥ દાસ વનમાળીના સ્વામીને ભજને ઉતરી જાય ભવ પારરે ॥ જે નરહરી ના ભજે તેનો ધીક મનસા અવતાર ॥

કીરતન લખ્યું છે ॥ મચ્છરીએ ખાધાં મુવે મચ્છરીએ ખાધાં, એકલડાં લાધાં, મુવે મચ્છરીએ ખાધાં ॥ ઓઢુ તો વળી ઊકળે ને ઉઘાડે તો ખાય ॥ કાનમાં પેશી ભણુ ભણુ કરે એમનું ભુંડું થાય ॥ મુવે મચ્છરીએ ખાધાં ॥ કર ધુમાડો કાઢ મચ્છરને સુધી જગ્યા જોઇ ॥ જ્યાં જોઊં ત્યાં મચ્છર મચ્છર ॥ મચ્છરે પીધું લોહી ॥ મુવે મચ્છરીએ ખાધાં ॥ મચ્છર માટે મોટા મુની ઊઠી વનમાં જાય ॥ મનનો મચ્છર જો મટે તો કાયા નિરમળ થાય ॥ મુવે મચ્છ-

રીએ ખાધાં ॥ ચાંચળ કરડે, માંકણુ કરડે, જોર કરે છે જુવા, દાસ વનમાળીના સ્વામી વિના અમે ખણી ખણીને મુવા ॥ મુવે મચ્છરીએ ખાધાં, એકલડાં લાધ્યાં ॥

રાગ મારૂ:--હરીને ભજો ઘડી. નર તમે હરી ભજો ઘડી. ધંધો કરતાં તું રે ઝીકાયો, ક્ષણું એક ન રહ્યો ઠરી. નર તમે, હરીનું નામ રૂદે નવ લીધું. બુદ્ધી તારી ગઇ બળી, નર તમો, ॥ લોભ લાલચમાં તું લોભાયો. અગનીથી કાયા જશે જળી, નર તમો, ॥ સતગુરૂના ચરણ શેવે તો, ભવસાગર જશો તરી, નર તમે, ॥ દાસ વનમાળીના સ્વામીને ભજની. મહેસાદેહ નહી આવે ફરી. નર તમો. ॥ હરીને ભજયાની ઘડી. ॥

રાગ ગરબી:—મારે પુરવ જન્મની પ્રીત હરી ઘેર આવોરે, મારા મન તણા મહારાજ સંદેહ ટાળોરે. ॥ અજ્ઞાને છે અંધકાર અતી બહુ ભરીયુરે. જ્ઞાન દીપક કેરી જોત તેથી ટળીઉરે, રહ્યુ આવીને પુરો વાસ સદા અવીનાશીરે, મારી દેહીનાં દુખડાં જાય પુરણ પરકાશીરે, સાચા જાણ્યા છે મહારાજ નિરંજન જેવારે, ॥ મેંતો વરણવ્યા ન જાય કરૂ હું તો સેવારે, આવી કીરપા કરીને નાથજી તમે આવોરે. ॥ મારૂ મન અતીશે કઠોર તમે ચરણ વાળોરે. હુતો સદા રહુ તમ પાસે એવું કીજેરે, સેવક જાણી નાથ દરસન દીજેરે. હુતો માયા તણી મોહ જાળ તેમાં બંધાયોરે. તમો છોડાવો, ભવ સંસાર તેથી કરો ન્યારોરે, તમો દયા કરોને નાથ દરસન આપોરે, ॥ હરી પ્રગટ થઇ મહારાજ દુખડાં કાપોરે. મારા મન તણા વીરોધ સઘળા ટાળોરે, દાસ વનમાળી ગુણગાય; હરી ઘેર આવોરે. ॥

ગરબી ૨ જી:-પ્રભુ આવીને વશીયા નાથ અંતરજામીરે, મારા

ઘટમાં કીધો વાસ દીનતા જાણીરે. હુંતો અનેક જનમનો અંધો તેને કંઇ ના સુજેરે, સદગુરૂએ દેખાડયો લાગ શબ્દને ખોજ્યોરે, ગુરૂ શબ્દ તણી તે ખોજ તે ઘટમાં કીધીરે, મોહ મમતાં માયા અપાર સરવે બીધીરે, શબ્દ તણી કીધી તરવાર અવીદ્યાને મારીરે, કામ ક્રોધ નાઠો તેણીવાર રસના છોડીરે સરવે ઘટના નાઠા ચોર અવિદ્યા મેલીરે ત્યારે ઓળખ્યા નિરંજન નાથ હરખે હેલીરે, હું તો પ્રીતે કરૂ પ્રણામ મનમાં મોહતીરે, એના તેજ તણો નહી પાર જગમગ જોતીરે, એ તો અખંડ જોત પ્રકાશ વસે આ ઘટમાંરે, દાસ વનમાળી ગુણ ગાય હરી પ્રેમ વશમાંરે, ॥

ગરબી ૩ ત્રી જીઃ—પ્રભુને જોતાં ભવ દુખ જાય, એ મારા સ્વામીરે, એને સમરતાં સુખ થાય થીરતાથી જાણીરે, એવા સાંમળીયાનો સંઘ કરોને સાચોરે, સરવે સ્વારથ કેરો જોગ જાણવો કાચોરે, પરીબ્રહ્મ સાથે કરો પ્રીત સુરતા રાખીરે; જ્ઞાનરૂપી તણી તરવાર ઘટમાં નાંખીરે, ઘટ ભીતર વસે છે ચોર તેને તમે મારોરે, કાળ ક્રોધ રહે છે અહંકાર તેને તમે મનથી ટાળોરે. પાંચે જતાં મળશે જુગદીશ જગતમાં જાણેરે, દાસ વનમાળીનો નાથ હેતે શું માણેરે, હરીને જોતાં ભવ દુઃખ જાય એ મારો સ્વામીરે એને સમરતાં સુખ થાય થીરતા જાણીરે,

ગરબી ૪ થીઃ-સખી ચાલો રમીએ રાસ વહાલાને કહીએરે. આજ રમવા સરખી રાત વંદ્રાવન જઇએરે, સખી સરદ પુનમનો ચંદ્ર લાગે અતી સારોરે, ચાલો ખેલીએ હરીની સાથ લાગે મને પ્યારોરે, સખી કુંજભોવનમાં રાસ અતી જઇ કીજેરે, ચાલો રમીએ સાંમળીઆ સાથ હેતે હીર રસ પીજેરે વાગે તાલ મરદંગ વીશાળ

ઝાંઝર ઝમકેરે, પાગે ગુગરીનો ધમકાર નેપુર ચમકેરે લીધો વેશ નટ-વરલાલ અતી બહુ ભારીરે, ત્યાં ખેલે છે ગોપીને કાન કુંજ બીહા-રીરે. દાસ વનમાળીના સ્વામી રમે છે રંગેરે. મારે પુર્વ જનમનો સ્નેહ થયો છે સંગેરે. સખી ચાલો રમીએ રાશ વહાલાને કહીએરે, આજ રમવા સરખી રાત વંદ્રાવંન જઇએરે,

ગરબી પાંચમીઃ—સંગ કીધો સામળીયા સાથ હરખે હેલીરે; જેને મુકી કુળ મુરજાદ મળતા મેલીરે; સખી અવસર આવ્યો છે. આજ મનસા દેહી પામીરે, ફરી લાગ નહી આંવે લગાર. ઓળખોની સ્વામીરે, સખીએસ્વામીની વાત કોઇ શું જાણેરે. જેને મળીઆ સદગુરૂ દેવ તે પીછાનેરે. તું તો સેવને સદગુરૂ દેવ દિલમાં આંણીરે. ત્યારે મળશે સ્વામી નિરધાર સુરતા શું જાણીરે, તું તો પ્રેમે પ્રીત કરી નિત્ય સંગ રહેજેરે, સેવા સમરણ કરી ધ્યાન માહા રસ લે-જેરે, દાસ વનમાળીના સ્વામીની નિત્ય કર સેવારે, તારાં જન્મનાં દુખડાં જાય પામે સુખ મેવારે,

ગરબી ૭ ઠીઃ—હરી ભજશો તો મહા સુખ થાય. કહુ છું સાચુરે, આ સંસાર વિખીઆ વિલાશ સરવે કાચોરે, અલ્યા જા-ગીને જોને તપાસ સ્વાનું કે સાચુંરે, અતી ઉંઘે આળસ થાય મન તારૂં કાચુંરે, આળસ મુકીને જોને તું જાગ્ય ક્યાંથી આવ્યોરે. તારૂં કોણ છે માતને તાત કોણ તને અહી લાવ્યોરે, એવી સમજણુથી ચીત ઠરાવ રાખીને જોનીરે, મન સાથે કરી વિ-ચાર હરી ગુણ ગ્રેહનીરે, અલ્યા હરી વિના તો અવસર ઠાલો જા-શેરે, હરી ભજન વિના નરનાર ઘણો માર ખાશેરે. માટે હરીને ભજતું મુઢ મુરખાઈ મેલીરે, તારાં સગાં કુંટબ પરીવાર અંતે

મેલશે ઠેલીરે, તારી સગાઇ સ્વાસાની તું જાણ, કાયા તારી જુઠીરે. તારા પ્રાણ ગયા આકાશ માયા સૌ છુટીરે, તને અડકેથી સૌ અભડાય, એવું. જગત કહે છેરે, એને કાઢી જાઓ તતકાળ ભૂખ્યા સૌ રહે છેરે, માટે એવો છે. સૌ સંસાર જીવ અભાગીરે, માટે હરીને તું સંભાળ ઉંઘથી જાગીરે. દાસ વનમાળી ગુણ ગાય. હરી સુખ વહાલુંરે, તારૂં જન્મ મરણ દુઃખ જાય. મહા પદ સારૂરે. ॥

રાગ ગરબી . ૭ રાગ ઉપરાયો. ॥ હેતે સત ગરૂ આવ્યા મારે ઘેરરે ॥ સાંભળની ॥ અનેક જન્મનો કાઢયો મારો મેલરે ॥ સાંભળની ॥ સતગુરૂ મારે કીધી મુજને સહાયરે ॥ સાંભળની ॥ ભવસાગરમાં બુડતાં ઝાલી બાંયરે. ॥ સાભળની ॥ દેહી તણાં તો દુખડાં સરવે ટાળ્યાંરે ॥ સાંભળની ॥ પરગટ રૂપતો પોતે આવી દેખાડયાંરે ॥ સાંભળની ॥ સતગુરૂ તો કહીએ હરીવર સરખારે. ॥ સાંભળની ॥ આ જન્મ મરણના દુખડાં સરવે હરતારે ॥ સાંભળની ॥ એવા સતગરૂને જઇને ચરણે લાગુંરે ॥ સાંભળની ॥ મારા મનથી જાણીને ભકતી માગુંરે. ॥ સાંભળની ॥ સતગરૂને વરણુતું વારંમ વારરે ॥ સાંભળની ॥ તોડાવ્યો મુજ મુરખને અભીમાનરે ॥ સાંભળની ॥ સતગરૂ શબ્દ વિનાતો કંઈ ના સુઝેરે ॥ સાંભળની ॥ અગનીમાં પાણી રેડયા થકો બુઝેર ॥ સાંભળની ॥ સત ગરૂ શબ્દને ઝાલો એવું જાણીરે. ॥ સાંભળની ॥ વારમવાર કરૂંછું શિર નાંમીરે. ॥ સાંભળની ॥ સત ગરૂને હું તો લાગુ પાયરે ॥ સાંભળની ॥ સંસાર સાર ઉતારો ભવ પારરે ॥ સાંભળની ॥ દાસ વનમાળીને ચરણુ કમળની આશરે ॥ સાંભળની ॥ મારા ઘટમાં પ્રગટ થઇને પુરો વાસરે ॥ સાંભળની ॥

રાગ ગરબો ૮. સતગુરૂનો શબ્દ અતી બહુ ભારીરે સુણો સાહેલી ॥ આ ઘટના સૌ ચોર ગયા સઊ હારીરે સુણ સાહેલી ॥ ગુરૂ શબ્દ તણી તો ખોજ ઘટમાં કીધીરે સુણુ સાહેલી ॥ ત્યારે જીતી ઇંદ્રી દશને વશ કરી લીધીરે સુણુ સાહેલી ॥ સતગુરૂ શબ્દ તો કહીએ પારસ જેવોરે સુણુ સાહેલી ॥ લોઢાનું કંચન બનાવે તેવોરે સુણુ સાહેલી ॥ સતગુરૂ રસ તો ચાખ્યો હોય તે જાણે રે સાહેલી ॥ આંધળો પોતપોતાનું નેણુ વખાણેરે સુણુ સાહેલી ॥ શબ્દ હીરાની પરીક્ષા નવ જાણેરે સુણુ સાહેલી ॥ મુરખં પોત પોતાનું આપ વખાણેરે સુણુ સાહેલી ॥ પોતાની છાંયા પોતામાં સમાયેરે સુણુ સાહેલી ॥ એ દ્રષ્ટાંતે તો આતમરૂપ ઓળખાયરે સુણુ સાહેલી ॥ ગુરૂ પરતાપે ગાય વનમાળી દાસરે સુણુ સાહેલી ॥ તમો ચરણમાં રાખો મુજને પાસરે સુણુ સાહેલી ॥

ગરબો ૯. હરીનો રસ્તો હેત થકી પીવાય સુણો વાતલડી ॥ હેત વના તો પાણીએ પેટ ભરાય વાતલડી ॥ મહી વીના તો નીર વલોવે જેવુંરે સુણો વાતલડી ॥ અજ્ઞાનતા તો જાણે છે સૌ તેવું રે સુણો વાતલડી ॥ પ્રીત વીના તો પ્રગટ નવ દેખાયરે સુણો વાતલડી ॥ અજાણ્યો તો આઘો જઈ અથડાય સુણો વાતલડી ॥ નારાયણ તો દીસે છે સૌની પાસેરે સુણો વાતલડી ॥ ઘટ ઘટમાં સૌની છે પાસેરે સુણો વાતલડી ॥ સ્થાવર ચેતન જડમાં આતમ રામરે સુણો વાતલડી ॥ હરી વિના તો ઠાલો નહી કંઇ ઠામરે સુણો વાતલડી ॥ જુઓ ભાઈ એવા છે વિશ્વાધારરે સુણો વાતલડી ॥ સૌમાં રહીને સૌનો કરે વિચાર સુણો વાતલડી ॥ અંતરજામી રહેશે ન્યારા ન્યારારે સુણો વાતલડી ॥ દાસ વનમાળીને પ્રગટ રૂપ પરખા-

વેરે સુણો વાતલડી ॥

આરતી લખી છે: જેશ્રી રઘુનાથ. જે જાંનકી નાથા, કીરપા મુજને કીધે. હરી મારી સુણો વાતા જે દેવ જે દેવ. આરતી કરૂ ચરણે ચીત ધરૂ દાસના સુખ દાતા અનેક ભકતને મલીના. સૌનાં દુખ ટળીઆં જે દેવ, જે દેવ. ધનુષ્ય બાંણુ સોહે કેશવને. કીટ મુગટમાળા. દાસ વનમાળી ગુણુગાવે- નીત્ય સુખથાવા. જે દેવ, જે દેવ.

આરતી. ૨ નીરખું નામ નિરંજન નાથા સમરૂ નામ સદા સુખદાતા. જોતાં તેજ અદભુત બીરાજે, વીધ વીધના ત્યાં વાજાં વાગે. સેજ પુષ્પની પુષ્પની માળા, બેઠા આસન શ્રી નંદલાલા, હીરા માણેક મોતીએ જડીયું, દીઠું આસન સુરતાએ પડીયું. આરતી સજ કરી હું લાવું, મણી માણેક મોતીએ વધાવું. હરખી પરખી નરખીને નીહાળું. જોઇ રૂપ મારા મનમાં ઠરાવું, પ્રેમનાં પુષ્પ ચીત ચંદન ચઢાવું. મણી મુગટાએ મુગટ જડાવું, પીળાં પીતાંબર અંગે પહેરાવું. થાળ ભરી પકવાન ધરાવું, પ્રેમ થકી પરસાદ કરાવું. રત્ન પાવડીઓ હીરલે જડાવું, દાસ વનમાળીને ચરણે રાખો, સેવક જાણી નિત્ય દરસન આપો.

આરતી ૩ જી આરસ મંગળ ધાવું. મુખડું જોઇ જોઇ અતી રસ પાઉ રતન સીંહાસન બેઠા છે સ્વામી જોઇ જોઇ સુરતી આનંદ પામું. સઇયિર સરવે જોવાને આવી. થાળ ભરી મુગતાફળ લાવી. જોઇ જોઇ રૂપ રહી છે ભાળી, મણી માણેકે વધાવેછે નારી. નિરખીરૂપ અંતરમાં જોતી જન્મો જન્મનાં દુખડાં ધોતી. દાસ વનમાળી કહે આરતી જે ગાવે ચરણ કમળ રસ પ્રેમથી પાવે. ॥

આરતી ૪ થી:—શ્રી આરતી કરૂ નિરંજન દેવા કરૂ સમરણુ

સદા સુખ લેવા. નીરખું નામ નિરંજન દેવા. હરખી નિરખી કર તારી શેવા. આરતી કરૂ નિરંજન દેવા. આરતી ઉતારૂ નિત નિત સેવા. ચરણુ કમળ રસ પાઉ મેવા. તન તાલ સમ મરદંગ વાગે નિત નિત ધ્યાન હરી ગુણુ ગાજે. શ્રી આરતી કરૂ નિરંજન દેવા. સંખ્યા. ત્યાં અનહદ વાગે ઝાંઝર. ડફ વેણુાજંત્ર વાગે. કરૂ આરતી સદા સુખ થાવા પ્રેમ પુષ્પથી કરૂ તારી સેવા. આરતી કરૂ નિરંજન દેવા. તીલક લીલાટે અતી બહુ શોભે. જોતાં રૂપ મારૂ મન લોભે સુરીમુની સેવે નિત્ય દેવા. ચરણુ કમળની કર નિત્ય સેવા. શ્રી આરતી કરૂ નિરંજન દેવા. ધુપ ધ્યાન કરૂ સુખ સેવા. નાના ભાતના સુંદીર મેવા. દાસ વનમાળી કરે નિત્ય સેવા, ચરણુ કમળ તણી રજ લેવા શ્રી આરતી કરૂ નિરંજન દેવા કરૂ સ્મરણુ સદા સુખ લેવા. ॥

રાગ ગરબીનો ॥ સજની મારી આવો ગરબે રમીએરે, આ ગરબો છે પણુ કાચો અરવાં ભમીએરે. શીલ સંતોષની વાત સાહેબને ગમીએરે. પાંચ તત્વનો ગરબો માંહે દશ બારીરે. કોઇ રમે સંત સુજાણુ પ્રીયાજીની પ્યારીરે. ગરબે રમવા આવી સકળ સાહેલીરે. જેને લોક લાજ કુલ કાંન મુરજાદ મેલીરે, તેને સનમુખ ઉભા પ્રીયુજી ઝાંખેરે. કોઇ ચતુર નાર સુજાણુ નેણાં નાંખેરે. એ રસ એવો પ્રેમે મારે પીવોરે. સખી સમજી રહ્યાનું કામ કોઇને નથી કહેવોરે. સત લોકના વાસી ગરબો માણેરે. બીજા પામર પશુ સમાન તે શું જાણેરે. જેને મળીઆ હોય ગુરૂદેવ તે ગાવેરે. દાસ વનમાળીના નાથ હેતથી આવેરે,

ગરબી ૨ ॥ સહયર સરવે જળ ભરવાને ચાલીરે, સૌ મળી

છે વ્રીજની નાર જુમનાં આવીરે. તીરે ઊભા છે સુંદીર શ્યામ મુખ ડું જોતીરે, સૌ સખીઓને થયો આનંદ મનમાં હોહોતીરે. સખી કહે બાઈ સાંભળો કહું તમનેરે, એના ધુતારાના છે ઢંગ ભાવ છે અમનેરે. એની કળા છે અતી ઘણી શું કહીએરે. એ વીના વસીએ કંઇ કયાં જઇ રહીએરે. દાસ વનમાળીના સ્વામી એવા રસીઆરે. હેત જાંણી રૂદીયા માંહે અંતરમાં વસીઆરે.

ગરબી રાગ ઉચો. આવો આવોરે નંદનાલાલ ગરબે રમવાને, તમો નંદાનંદ કીશોર દુખડાં હરવાને. ગરબો મારો રત્ન જડીઓ ફુલની બાગ બનાવીરે. સફીઅર સરવે તમને બોલાવે આવોની ફુદડી ફરવા ગરબે રમવાને લટકાળાજી લટકે આવે અબળા જુવે છે વાર જો. ઘડી એકની વીલંબ ના કરશો ઊભી રહી છે વ્રીજ સાથ. દુખડાં હરવાને. આવો આવોરે નંદનાલાલ ગરબે રમવાને તમને તો હરી માન જુવે છે, અબળા કરે કલ્યાણજો, દાસ વન-માળીના સ્વામી શામળીયા આવોની કારજ કરવા દુખડાં હરવાને ॥ આવો આવોરે નંદના લાલ ગરબે રમવારે ॥

ગરબી ૪. આવી ગરબે રમે ગોવિંદ સૌ સખીઓ સાથે, સૌ મળી છે વ્રજની નાર એ રસ નિત્ય ચાખે ॥ એ રસ શીવ મુની ઇચ્છે છે, બ્રહ્મા ના પામે પારરે, તે રસ વ્રીજ વીનતા માણે, ભાગ્ય તણો નહી પાર ॥ સૌ સખીઓ સાથે ॥ એ રસ પ્રેમરસ કરીને પીધો જાણી રૂદીયા માંહે જો, હરખ કરીને હરીને બોલાવે, કરતી નવરંગ નેહ ॥ સૌ સખીઓ સાથે ॥ રમતાં હરીનું મુખડું જોતી રૂપ ઘણું પ્રકાશરે, છબીલાની સુરતી જોઇને નરખતી નેણે નાર ॥ સૌ સખીઓ સાથે ॥ ધ્યાનજ ધરતીને મુખ નિહાળીને જુએ જો,

દાસ વનમાળીના સ્વામીની સાથે પુરવ જનમને સ્નેહ ॥ સૌ સ-ખીઓ સાથે ॥ આવી ગરબે રમે ગોવિંદ સૌ સખીઓ સાથે ॥

ગરબી ૫. જુઓ જુઓ રે સુંદર રૂપ મોહન નટવરનું, એના તેજ તણો નહીપાર, બીજો વર નહી પરણું, સીલ સંતોષ જેનું નામ કહીએ, વિશ્વ તણો આધાર જો, ઘટ ઘટમાં હરી વાસો વસે છે, તેજ તણો પ્રકાશ ॥ મોહન નટવરનું ॥ જોતામાં મારો સ્વારથ થાશે જનમ મરણ ભય જાય જો ॥ શામળીયાને સુંગ કર્યાથી માયા બંધ છોડાય ॥ મોહન નટવરનું ॥ ઘેર જઇને કહું માતાને એ કાનુડા સાથે પરણાવોરે, એ વીના કોઇને નહી પરણું, એ વર છે મને વહાલો ॥ મોહન નટવરનું ॥ પરણાવોની પ્રીત કરીને ॥ વેગે કરીને વાત જો, દાસ વનમાળીના સ્વામીને જોઇને મુરછા થઇ ને માત ॥ મોહન નટવરનું ॥ જુઓ જુઓ રે સુંદીર રૂપ મોહન નટવરનું, એના તેજ તણો નહી પાર બીજો વર નહી પરણું ॥

ગરબી ૬. મારૂં લગન લીધું હરી સાથ હેત પ્રીત કરી ॥ હું તો તરીશ ભવસંસાર હરીનું ધ્યાન ધરી ॥ કામ તણી મને પીઠી ચોળી, મનનો માંડવો કીધો જો, ગ્નાન રૂપી ગુજરાં ગોરમટી લાવી ચોરીએ મુકયાં હેને પ્રીત કરી ॥ સતગુરૂમાંરે ચોરી કીધી, ચરચ્યુ ચીત્ર અપાર રે, તરીઆ તોરણ બારણે બંધાવ્યાં. ધોળ મંગળ ગવાય ॥ હેતે પ્રીત કરી ॥ મમતા માતા લોભજ પીતા, જઈ બેઠાં ચોરી પાસજો, અનેક જનમના જવ તલ હોમ્યા, અહે ઘી હોમ્યું અપાત હેતે પ્રીત કરી ॥ જાન લઇને આવ્યા શામળીયા, પરણી એની સાથજો, દાસ વનમાળીના સ્વામી મળીઆ, પુરવ જ-નમને ભાગ્ય વળી, હેતે પ્રીત કરી ॥ મારૂં લગન લીધું હરી સાથ

હેતે પ્રીત કરી, હું તો તરીશ ભવસંસાર હરીનું ધ્યાન ધરી ॥

ગરબી ૭. જઇએ જઇએ રે જમુનાં તીર સખીઓ જળ ભરવા, ત્યાં ઉભા છે હળદર વીર મારૂં મન હરવા ॥ નેન કટાક્ષે નરખી નિહાળી રૂપ અતી બહુ શોભે જો ॥ મુખડે પુનમચંદ્ર બીરાજે, દીઠા દીલ મારૂં ડોલે સખીઓ જળ ભરવા ॥ સખીઓ સૌ જલ ભરવા ચાલી સામા મળ્યા નંદલાલ જો, હેતે કરી હરીને બોલાવે ત્યાં મોહન મોરલી વાય ॥ સખીયો જળ ભરવા ॥ :સામળીઆજી સારા લાગો છો, નિરખે નારી નિત્ય જો, દાસ વનમાળીના સ્વામી સાથે પુરવ જનમની પ્રીત ॥ સખીઓ જળ ભરવા જઇએ જઇએ રે જમુનાં તીર સખીઓ જળ ભરવા, ત્યાં ઉભા છે હળદર વીર મારાં મન હરવા ॥

કીરતન લખ્યું છે. મનવા રામ નામ નિત્ય કહેના, હરી સમરણમાં નિત્ય રહેના ॥ મનવા ॥ સમરથ શામળીઓ છે સાચો, સંસાર સ્વારથ સરવે કાચો, માટે પ્રભુ ચરણ નિત્ય ચીત રાખો ॥ મનવા ॥ તું તો રાખ ભરૂંસો જેનો તુજને પેદા કર્યો હોય તેનો મીથ્યા શોચ કરે છે તું શેનો ॥ મનવા ॥ ભરૂસો જાણીને રાખો ટેક, બીજી મુકી દયોને બેઠ, હરી ભજશો તો પહોંચશો ઠેઠ ॥ મનવા ॥ તારે ગોવીંદના ગુણ ગાવા, નિત્ય પ્રેમ હરી રસ પાવા, દાસ વનમાળી કહે હરી ગુણ ગાવા ॥ મનવા રામ નામ નિત્ય કહેના, હરી સમરણમાં નિત્ય રહેના, મનવા રામ નામ નિત્ય કહેના ॥

રાગ કીરતન ૨. ઓ મુરખ માનની કહ્યું મારૂં, તું તો જોને વિચારી તન તારૂં, મન મુરખ માનની કહ્યું મારૂં ॥ તને આંખો

આપી તે તું જાણેરે, જાણી જોઇને અંધાપો સીદ આણ્યો રે, માયાના સુખ જોઇને શું તું માણે ॥ મન મુરખ ॥ તું તો માયામાં લપટાયોરે, મારૂં મારૂં કરી કુટાયો રે આવી માયા જાળમાં ગુંચાયો ॥ મન મુરખ ॥ તારા મનમાં નથી કંઇ ત્રાસરે, તું કયાંથી આવ્યો ક્યાં જાશેરે, કંઇ જઇને કરશો નિવાસ ॥ મુરખ માંનની ॥ તને જમ રાજા માર મારેરે, તે વેળા કોણ સાથ તારી આવેરે, સગાં કુટુંબ થઇને સૌ વળાવે ॥ મન મુરખ ॥ દાસ વનમાળી ગુણ ગાયેરે, હરી ભજે તો માહા સુખ થાયરે, કોટી જનમનાં દુખ જાયરે ॥ મન મુરખ માનની કહ્યું મારૂ, તું તો જોને વિચારી તન તારૂં ॥

રાગ ઠુમરી, મને જવાદો જુમનાં પાણીરે, મને જવાદો જુમનાં પાણી મારી ઉભી છે સૈયર સમાણીરે. ॥ મને જવાદો ॥ વારે ઘાટે શું રોકો છો, પ્રીત તમારી મેં જાણીરે. ॥ મને જવાદો ॥ અલબેલાજી અલગા રહોને શું રહ્યા પાલવડો તાણીરે. ॥ મને જવાદો ॥ ધુતારાના ઢંગ તમારા શું આવા છો મનથી જાણીરે. ॥ મને જવાદો ॥ દાસ વનમાળીના સ્વામી રસીઆ ગોપીકા બોલ્યાં વાણીરે. મને જવાદો જુમનાં પાણી. મારી ઉભી છે સૈયર સમાણીરે. ॥ મને જવાદો જૂમનાં પાણી ॥

ઠુમરી ૨ જી. સાંમળીયા રાઢ ન કીજેરે. જળ ભરવા દીજેરે. સાંમળીયા રાઢ ન કીજે. દુરીજન લોકનું મેહેણું મોટું. તેથી મનથી બીજે. ॥ સાંમળીયા ॥ ખોટી થાઉછું સાંમળીયાજી, સાસુડી ઘેર ખીજેરે. ॥ સાંમળીયા ॥ તમને લાજ નથી હરી કોઇની, અમે લોકથી બીજેરે. ॥ સાંમળીયા ॥ પાલવ મેલો મોહન મારો, વારે વારે

શું કીજેરે. ॥ સાંમળીયા ॥ પ્રીત પ્રભુજી અતી છે મારી, ચરણ ક મળ મન લીજેરે. ॥ સાંમળીયા ॥ સાંમળીયાજી સ્નેહ વધારો, પ્રેમે હરી રસ પીજેરે. ॥ સાંમળીયા ॥ દાસ વનમાળીના સાંમી રસીઆ, પ્રેમ થકી હરી રીઝેરે. સાંમળીયા રાઢ ન કીજેરે. જળ ભરવા જાવા દીજેરે. ॥ સાંમળીયા રાઢ ના કીજે ॥

ઠુમરી ૩ સાંમળીયા આવો મળીએ, ગોઠલડી આપણે કરીએ. ॥ સાંમળીયા ॥ આવો તો હરી પાસ બેસાડું, પ્રેમે સેવા કરીએરે. ॥ સાંમળીયા ॥ સાંમળીયાજી હેતેથી આવો, દેહીનાં દુખડાં પરહરીએ. ॥ સાંમળીયા ॥ તમને મળવા આતુર થઇછું. અનોપમ લીલા કરીએરે. ॥ સાંમળીયાજી. ॥ વંદરાવનની કુંજ ગલીનમાં, મોર મુગટ શીર ધરીએરે. ॥ સાંમળીયાજી ॥ નટવર વેશ વરી તમે લોની, નાતમ લીલા કરીએરે. ॥ સાંમળીયા ॥ દાસ વનમાળીના સ્વામીની સાથે. ચરણ કમળ ચીત ધરીએરે. સાંમળીયાજી આવો મળીએ. ગોઠલડી આપણે કરીએરે. ॥ સાંમળીયા આવો મળીએ ॥

ઠુમરી ૪. સાંમળીયા સુખડું આપો. મારા દુખડાં સરવે કાપોરે. ॥ સાંમળીયા ॥ તમો ચરણે હું નિત્ય નિત્ય વંદુ. મારા મનનો મચ્છર કહાડી નાંખોરે. ॥ સાંમળીયા ॥ અપરાધ જોતાં નથીરે ઉગરવું, તમો મેહેર અમોપર રાખોરે. ॥ સાંમળીઆ ॥ સરણે આવ્યો હું દાસ કહે લયો, જડ બુદ્ધી મારી કાપોરે, ॥ સાંમળીયા ॥ ટેક ગ્રહી છે મેં ત્રીકમ તારી, બાંનાની પત રાખોરે. ॥ સાંમળીયા ॥ દાસ વનમાળી કહે કર જોડી, ચરણ કમળ ચીત રાખોરે. સાંમળીયા સુખડું આપો, મારાં દુખડાં સરવે કાપોરે ॥ સાંમળીયા સુખડુ આપો ॥

ઠુમરી ૫ સાંમળીયા ઘેર પધારો, મૂજ ઉપર સ્નેહ વધારોરે, ॥ સાંમળીયા ॥ હું દાસલડી જાંણી તમારી. મુજને લાડ લડાવોરે. ॥ સાંમળીયા ॥ વાટ જોઇને રહીશું તમારી, મારૂ સમજો ના આવોરે. ॥ સાંમળીયા ॥ આવીને પ્રભુ અંતર જામી, મુજ તનના તાપ સમાવોરે. ॥ સાંમળીયા ॥ અંતર પ્રીત જાણીરે પ્રભુજી, જન્મ તણાં દૂખ ટાળોરે ॥ સાંમળીયા ॥ પ્રીત કરી સાંમળીયા તમારી હેત કરીને હરી ઘેર આવોરે. ॥ સાંમળીયા ॥ તમને મળવા ઉલટ ઘણી છે. કારજ સઘળાં સંવારોરે. સાંમળીયા ॥ દાસ વનમાળીના સ્વામી રસીઆ. કહ્યાં વચન તે પાળોરે. સાંમળીયા ઘેર પધારો, મુજ ઉપર સ્નેહ વધારોરે ॥ સાંમળીયા ॥

રાગ મારૂ:—મારૂ તારા દેશમાં દીઠા ત્રણ રતન. એક મારૂ. બીજો ઢોલીઓ. ત્રીજો કસુંબા રંગ, મારૂ મુસ્તક બેડીયાં. પગ દાઝે પંથ દુર. એક ના આવ્યો મેવલો. મારી નદીએ ના આવ્યાં પુર. સુકી નદી વેરૂં વહે. મારૂ બેડી ન હોય. જેની કાંચળીએ સણુ પુરીઆં તેને નયણે આબલાં વાય. મરૂં તારા દેશમાં ખવા ખાંડ ખજુર એટલેથી થયાં અળખામણા મારી નજર આગળથી દુર. દાદા મોરા દાદલા. મારૂ દેશના દેશ. માથે બેડલું ખભે દોરડું હું તો પાણીડાં ભરતાં મરીશ. મારૂ મારૂ શુ કરે તારૂ નહી તલભાર. હરી સમરણ જો નહી કરો તો ખાશો જમના માર.

રાગ મારૂ:— શું રહ્યા માયામાં મોહી નર તમે શું રહ્યા માયામાં મોહી. આ જીવતાં સુધી તું રે ઝીકાયો—હરી હીરો બેઠો ખોઇ. નર તમે. અનેક ઉપાયે માયા કરી ભેળી. અંત સમે બેઠો ખોઇ. નર તમે. તારી સાથે કાંઇ ના આવ્યું કમઇ કમઇ રહ્યા ખોઇ. નર તમે. માયા મીલકત અતી કમઇ ઘર ભરીકું વાવનારો

થશે કોઇ. નર તમે. કમઇ ધન રખવાળુ કીધું. વાવર્યું નહીં. રહ્યા રોઇ, નર તમે. એવું જાણીને હરીને ભજીએ. શું રહ્યા અલ્પ સુખ જોઈ. નર તમે. દાસ વનમાળીના સ્વામીને ભજીએ. દલની દુગધા ખોઇ. નર તમે શું રહ્યા માયામાં મોહી. નર તમે શું રહ્યા માયા મોહી. ॥

રાગ મારૂ પદ બીજુઃ—પ્રીતે પ્રભુને સંભારો. નર તમે પ્રીતે પ્રભુને સંભારો—પ્રીત વિના તારી પાસે નહી આવે. અનેક ઉપાય કરી ધાવો. પ્રીતે. પ્રભુને સંભારો. પ્રીત વીના પ્રગટ કયાંથી મળશે અનેક તીરથ કરી આવો. પ્રીતે પ્રભુને સંભારો. પ્રીત હશે તો પાસે મળશે. જાણી હરીને લાવો. દાસ વનમાળીના સ્વામીને મળવા. મનનો મેલ કાઢો. નર તમે. પ્રીતે પ્રભુને સંભારો. ॥

રાધ મારૂઃ—નાવ લાવેરે નિજામા તું નાવ લાવેરે. નાવે બેશીને પાર ઉતરવું રે. પછી કારજ તારૂ કરવું નિજામા તું નાવ લાવેરે. નિજામો કહે શું થાશેરે. મારૂં નાવ ગગનમાં જાશેરે. પછી છોકરડાં શું ખાશેરે. નિજામા તું નાવ લાવેરે. નિજામે તો વાત વિચારીરે, એછે કોઈ પુરૂષ પુરાણીરે. પછી લંગાર કરી નારી. નિજામા તુ. નિજામોતે વૈકુંઠ વાશીરે. એને મળીઆ શ્રી અવીનાશીરે, દાસ વનમાળીના સ્વામી. નિજામા તું નાવ લાવેરે. ॥

રાગ મારૂઃ—પાગ ધોઈ નાવ સધારો. કૂંવરજી પગ ધોઇ નાવ સધારો, હે કશું જંતર તમારા ચરણુમાં મોહી ગરીબકું કાં મારો, કુંવરજી, ફૂટ ગઇ સલ્લાદ તે ઉડ ગઇ અહલ્યા. આ નાવ તો કાષ્ટકો ભારો. કુંવરજી. ચરણુ ધોઇને નાવે બેસાડું. મોહી ગરીબપર ભારો, કુંવરજી. જમ તમ કરી તારૂં મન માને, અમને પાર ઉતારો. કુંવ-

રજી. જળ ઝારી ગંગોદકની લાવ્યો કથરોટમાં ચરણ પખાળ્યા. કુંવરજી. કુટુંબ સહીત ચરણોદક લીધું. સરવેને ઓધાર્યા. દાસ વનમાળીના સ્વામી એવા. જન્મ મરણ દુખ ટાળ્યાં. કુવરજી. પગ ધોઇ નાવ સધારો.

રાગ સામેરીની સાખીઓ લખી છે સાખી ૧. સાંમેરી સાહેર ઉલટયો, રત્ન તણાયાં જાય; કરમ હીણાં કયાંથી વાવરે, તેની સંખલે મુઠ ભરાય. સાખી ૨. સાંમેરી ચાલી મહી વેચવા, ઉભી માંણુક ચોક, હું તને પુછું સાંમેરી, શુળી ભલી કે શોક. સાખી ૩ શુળી સુકે લાકડે, હૈયે પાડે છેદ, શોક તણે બોલડે. મારી ક્ષણું ક્ષણું દાઝે દેહ.

રાગ સાંમેરીનું પદ લખ્યું છે. મારે ઘેર આવોરે મોહન મલપતારે, હું તો જોઉ તમારી વાટ વીલંબના કરશોરે ॥ સાંમી સાંમળારે. હમણાં થઇ જશે પરભાત, મારે ઘેર આવોરે મોહન મલપતારે શેરીરે વળાવું અહી સોહામણીરે, ઉપર ફુલડાં વેરાવું ચોપાસ; પાથરણાં પથરાવું મશરૂ હીરનાંરે, ઉપર હબસી લાલ ગુલાલ, મારે ઘેર ॥ રત્ન સીહાસન મેલું મારા ચોકમાં આવીને બેસો શ્રી નંદલાલ, તરીઆને તોરણ બાંધુ મારા બારણેરે; હું તો મંગળ ગવડાઉ સારી રાત ॥ મારે ઘેર ॥ દીનતા જાણી દયા કરોરે નાથજી. અમોપર મહેર કરો મહારાજ, અવગુણ મારારે કંઇ જોશો નહી. આવી પુરો અબળાની આશ. ॥ મારે ઘેર ॥ પ્રીત બંધાણીરે હવે કયારે આવશોરે,–મારૂં તો મનડું વ્યાકુળ થાય, દાસ વનમાળીના સ્વામી વહેલા આવજોરે. અમો પર કીરપા કરો મહારાજ ॥મા

રે ઘેર આવોરે. મોહન મલપતારે. હું તો જોઉ તમારી વાટ. ॥

પદ ૨ બીજું.--

મથુરાંની વાટેરે હરી રથ વહી ગયાંરે, ઉભી જુએ છે બ્રીજનાર. એ રથ જાએરે મારા નાથનોરે. ઝીણી ઉડે વનમાં ખેર. મથુરાંની વાટેરે, કરમે અમારેરે અક્રુર ક્યાંથી આવીઓરે, લેઈ ગયો જીવણ પ્રાણ આધાર. દુશમન થયોરે અકરૂર આજથીરે, કહો સખી હરી વિના કેમ રહેવાય. મથુરાંની વાટેરે, કોને મોકલીએરે હરીને તેડવા. ક્યાંલગી જોઈએ હરીની વાટ. ઘરનું કામ તોરે મને સુઝતું નથીરે. મન મારૂ વ્યાકુળ વ્યાકુળ થાય. મથુરાંની વાટેરે, આપણને મેલીરે, કુબજાનો સંગ કરેરે, એવા અવગણીયા છે નંદલાલ, દાસ વનમાળીના સ્વામીને તે શું કહીએરે, અબળાને મેલી ગયા અંતરીઆળ. મથુરાંની વાટેરે હરી રથ વહી ગયા રે. ઉભી ઉભી જુએ છે બ્રીજનાર.

પદ ૩ જુઃ—મથુરાંથી આવ્યારે. અકરૂર તેડવારે, આવ્યા. ગોકુળમાં વાસ, રથ છોડયોરે નંદને આંગણેરે, જઈને ભેટ્યા શ્રી નંદરાય. મથુરાંથી આવ્યારે, આનંદથી આપ્યું સુંદીર બેસણુંરે. બેઠા અકરૂર આણી પ્રેમ ॥ નંદરાય પુછેરે અકરૂર ક્યાંથી આવીઆરે ॥ અમપર કીધી ઘણી એક મહેર, મથુરાંથી આવ્યારે ॥ જસોદાજી આવ્યાંરે અકરૂરને મળ્યાંરે ॥ પુછી ક્ષેમ કુશળની વાત ॥ વાસુદેવ દેવકીને દુખ અતી ઘણુંરે ॥ તેને નાંખ્યાં કારાગ્રહ મોઝાર ॥ મથુરાંથી આવ્યારે ॥ એવી વાણી સુણીરે જસોદા ગદ ગદ થયાં રે ॥ બંધન જાણી કરે આંસુપાત ॥ અકરૂર હવેરે બંધન ક્યારે છુટશે રે ॥ જ્યારે મરશે કંસ ભુપાળ ॥ મથુરાંથી આવ્યારે ॥

અકરૂર બોલ્યારે સાંભળો વિનંતી રે ॥ અમો તો તેડવા આવ્યા છીએ આજ, કૃશ્ન બળદેવને મોકલો મારી સંગેરે ॥ કંસ કરે છે ધનુર જાગ ॥ મથુરાંથી ॥ તમે સૌ ચાલોરે દધી ગોરસ ભરી ॥ સૌને તેડે છે કંસ ભુપાળ ॥ ભેટ સામગરીરે લ્યો પોતાતણી જોઇને રીઝે કંસ ભુપાળ ॥ મથુરાંથી આવ્યારે ॥ ગોપીકાએ જાણીયું રે અકરૂર આવીઆરે ॥ સૌ ટોળે મળી વ્રજ નાર ॥ સૌ કોઇ આવીરે નંદને બારણે રે ॥ પ્રાણજીવન તો મથુરાં જાય ॥ મથુરાંથી આવ્યા રે ॥ શું કરીએ સજની રે નાથજી તો નવ રહે રે ॥ હવે શો કરવો ઉપાય ॥ રથને ઘેરો રે જવા નહી દેઇએરે ॥ ત્યારે હ[illegible]ી નવ રે જવાય ॥ મથુરાંથી આવ્યારે ॥ રથપર બેઠા રે સુંદીર સાંમળોરે ॥ સંગે અકરૂર હળધર ભ્રાત ॥ રથ ચલાવ્યો રે ચાલ્યો ત્યાં થકીરે ॥ વ્રીજ વીનતાએ જાણી વાત ॥ મથુરાંથી આવ્યારે ॥ જયાં ત્યાંથી દોડીરે વ્રીજ નારીઓરે ॥ આવી રથ ખાળ્યો રે મથુરાંની વાટ ॥ રથની આગળ રે પડયાં સૌ સુંદરીરે ॥ નયણે વહે છે આંસુ કેરી ધાર ॥ મથુરાંથા આવ્યારે ॥ મારા સમ રે તમે જાઓ નાથજી રે અમો તમો વિના નવ રહેવાય, દાસ વનમાળીના સ્વામી બોલીઆ રે અબળા શેને કરો આકરંદ ॥ મથુરાંથી આવ્યારે અકરૂર તેડવારે ॥ આવ્યા ગોકુળ મધે પાસ ॥

પદ ૪ થું. મથુરામાં જઇનેરે વહેલા અમો આવીશું રે ॥ તમે રાખજો મન વિશે વિશ્વાસ ॥ એવુંરે કહીનેરે હરીએ રથ હાંકીઓરે ॥ રથ ચાલ્યો મથુરાંની વાટ ॥ મથુરાં ॥ રથને હાંકીરે અકરૂર ચાલીઆરે ॥ વ્રીજ વીનતાને આપી ધારણ ધીર ॥ વ્રીજ વીનતા રે વ્યાકુળ થઇ રહી રે ॥ નયણે જળ ભરાયું નીર ॥

॥ મથુરાં ॥ મુખથી બોલેરે તોએ બોલાય નહીરે, એવી પ્રાંણ વિ- નાની દેહ. દેહીની સુદ્ધ વીસરીરે, વાકુળ થઇ રહીરે. જાય મારા જીવણ પ્રાણ આધાર, ॥ મથુરાં ॥ રથને હાંકીરે આવ્યા જુમનાં ઘાટમાંરે. ત્યાં રથ છોડયો ઘોડા ચાર, સ્નાંન કરવારે અકરૂર સં- ચરારે, ત્યારે મનમાં થયો વિચાર. ॥ મથુરાં ॥ આ બે બાળકરે હું લઇ જાઉછુંરે, રખે કંસ કરે એની ઘાત, એવુંરે જાણી મનમાં સો- ચ કરેરે, તે હરીએ જાણી વાત. ॥ મથુરાં ॥ અકરૂર પેઠારે, જુમ નાં જળ વિશેરે, ડુબકી મારીરે જળની માંય. રથપર બેઠારે સુંદીર સાંમળોરે. એવા દીઠા હેઠે જળ માંય. ॥ મથુરા ॥ અકરૂરે જાંણ્યારે. એતો પરીબ્રમ છેરે. એને બાળક કેમ કહેવાય, કંસનો કાળરે એ છે બુધરોરે. નીશ્ચે આણશે કંસનો કાળ. ॥ મથુરાં ॥ સ્નાન કરીરે અકરૂર આવીઆરે. બંને બ્રાતને નમીએ પાય, શીલગુણ નીરગુણ છો તમો નાથજીરે. દાસ વનમાળો હરી ગુણ ગાય, મથુરાંમાં જઇનેરે અમો વહેલા આવીશુંરે તમો રાખજો મન વિશ્વવાસરે. મથુરાંમાં જઇનેરે અમો વહેલા આવીશુંરે, મથુરાંમાં આવ્યારે હરીદગ સખા- રે. આવી ઉતર્યા વાડીમાંય. અકરૂર બોલ્યારે સ્વામી સાંભળોરે. અ- મારે ઘેર પધારો મહારાજ. ॥ મથુરાંમાં આવ્યારે ॥ શેવા કરીશરે પ્રીતે પ્રેમશુંરે. અમોપર મહેર કરો મોરાર. ત્યારે હરી હળધર બો- લ્યારે અતી ભાવે કરીરે. સાંભળો મારા મનની વાત. મથુરાંમાં આ વ્યારે. કંસને મારીરે. તમો ઘેર આવીશુંરે. સાચુ માંનજો નીશ્ચે વાંત તમો જઇનેરે કંસને જાણ કરોરે. તેડી લાવ્યો છું નંદના બાળ. ॥ મથુરાંમાં આવ્યારે ॥ નંદરાયરે સાથે આવીઆરે ભેટ સામગરી લાવ્યા અતીસાર. એવું કહીનેરે રથ હાંકી ચાલીઆરે. આવ્યા કંસ

ફરે જોવન. ॥ મથુરાંમાં આવ્યારે ॥ જાંણુ કર્યુંરે બાળક બંને આવીઆરે, ઊતર્યા છેરે વાડીમાંય. એવી સુણી વાણીરે કંસ મનમાં ડર્યોરે. હવે કોણુ કરવો ઉપાય. ॥ મથુરાંમાં આવ્યારે. સીંહાસન ડોલ્યુંરે. છત્ર પડયુંરે. થર થર ધ્રુજવા લાગી કાય, ગાભરો થયોરે કંઈ સુઝતું નથીરે. નક્કી આવ્યો મારો કાળ. ॥ મથુરાંમાં આવ્યારે ॥ કોણે જઇને કહીએરે. કોઈ બાળક બેઉને હણેરે. એવો જોધ્ધો નથી મુજ પાસ. એવું મન વિચારીરે મલને તેડાવીયારે. રચ્યો અખાડો મલ જુધ કાજે મથુરાંમાં આવ્યારે, ઉંચે મોંચે સીંધાસન બેસણુંરે, ઉપર બેઠો કંસ ભુપાળ ડંડેરો ફેરવોરે મથુરાં શહેર વિશેરે—સરવે આવજો જોવા જાગ. દાસ વનમાળીના સ્વામી પધારીઆ. મથુરાં શહેરમાં સખા સમાજ, મથુરામાં આવ્યારે હરીહળધર સખારે, આવી ઉતર્યા વાડીમાંય.

મથુરાંમાં ચાલ્યારે સુંદીર સાંમળોરે, હાથે સખાને બળદેવ ભ્રાત. મથુરાંની નારીરે, સરવે જોવા મળીરે. તે તો ચઢી અટારી માળ. મથુરાંમાં ચાલ્યારે. રૂપને જોઇનેરે હરખી વનીતારે ફરી ફરી જુએ શ્રી નંદલાલ શેરીએતે શેરીએરે જોવા સૌ મળ્યુંરે, ઉભી ઉભી જુએ છે નરનાર—મથુરાંમાં ચાલ્યારે, છબીલાની છબીરે જોઇને મોહી રહ્યારે. તેમને તો આનંદ ન માય, ચાલતાંરે, વાટે રજક સામો મળ્યોરે, તેને પૂછયું શ્રી ભગવાન, મથુરાંમાં ચાલ્યારે, આ ગાંસડા શેનારે કયાં લેઇ જાયછેરે. સાચી કહેને મુજને વાત, રજક બોલ્યોરે, વાગા વસ્તર કંસનારે. અમો લઇ જઈએ રાજકુવાર મથુરાંમાં ચાલ્યારે, હરી પછી બોલ્યારે રજકને વાણી કહીરે, વસ્તર વાગા આપો અમને આજ એવી વાણી સુણીરે,

રજકને રીસ ચડી, તમે શું પહેરો ગોવાળીઆ સાજ. મથુરાંમાં ચાલ્યારે, તમે ગોવાળીઆરે નંદરાયનારે, તે તમે શું જાણો વનના ફરનાર, આરે વાગારે છે કંસરાયનારે, તમને પહેરવાનું મન થાય, મથુરાંમાં ચાલ્યારે, ગોવાળીઆની બુધીરે, તમને એ નવ ઘટેરે, એતો પહેરશે કંસ ભૂપાળ એવી વાણી સુણીરે હરી કોપે ચડયા. આગના આપી ગોપને તે વાર. મથુરાંમાં ચાલ્યારે. વસ્તર વાગારે, સર્વે લુટીયારે, રજક નાશી ગયો દરબાર, બુમરાણ કરતોરે, કંસ પાસે ગયોરે, તમારાં વસ્ત્ર લુટયાં બે બાલ. ॥ મથુરામાં ચાલ્યારે ॥ એવુંને જાણીરે કંસ ઘણું ધ્રુજીઓરે, હવે શો કરવો ઉપાય; દાસ વનમાળીના સ્વામી ચાલ્યા જાય છે, સામો મળીઓ દરજી ભગત. ॥ મથુરામાં ચાલ્યારે. ॥ સુંદીર સામળો સાથે સખા બળદેવ ભ્રાત.

પદ ૫ મુંઃ—સામો દરજી આવીરે હરીને ચરણે પડયોરે, હાથ ઝાલી ઉઠાડયો ભગવાંન; દયા કરી નાથેરે ભક્ત જાણી કરીરે, તેને મુસ્તક મુકયો હાથ. ॥ સામો દરજી આવીરે ॥ દરજી વાણી બોલ્યોરે સાંભળો વિનંતી, અમો ઘેર પધારો મહારાજ; પ્રેમે પ્રીતીશું સેવા હું કરૂંરે, અમોપર મહેર કરો મોરાર. ॥ સામો દરજી આવીરે ॥ કીરપા હરીએ કીધીરે દરજીને ઘેર ગયારે, આસને બેઠા ઉતમસાર; પુજા સામગ્રી કીધી બહુ પેરનીરે, આરતી મંગળ દીપક ચાર. ॥ સામો દરજી આવીરે. ॥ પ્રભુ ચરણે પડીઓરે આનંદ પ્રેમથીરે, હરીએ આપ્યાં પદારથ ચાર; વસ્તર વાગારે સરવે સમારીઆરે, પહેરાવ્યા હરી. હળધર સખા ભ્રાત, દાસ વનમાળીના સ્વામી સાંભળારે, ત્યાંથી મારગે ચાલ્યા જાય, સામો દરજી આવીરે હરી ચરણે પડયોરે; હાથ ઝાલી ઉઠાડયો ભગવાન.

પદ ૬ ઠું:—મારગમાં મળીઓરે માળી ફુલ તણોરે, તે તો હાર ગજરા લઇ જાય; હરીને દીઠારે આવ્યો હેતે કરીરે, આવી લાગ્યો પ્રભુને પાય. ॥ મારગમાં મળીઓરે ॥ પુષ્પને ગજરા તે તો હરીને પહેરાવીઆરે, પહેરાવ્યા સખા હળદરને સાથ; પ્રેમ જાણીરે તે માળી તણોરે, તેને ભકતી આપી મહારાજ. ॥ મારગમાં મળીઓરે. ॥ ત્યાં થકી ચાલ્યારે મારગમાં કુબજા મળી, તેનું શરીર કુબડું જાંણુ ॥ સાત અંગે છે વંકનારે ॥ તેની કદરૂપી છે કાય ॥ મારગમાં મળીઓરે ॥ તેના હાથમાંરે કટોરો ચંદન ભર્યોરે ॥ તે તો લઈ જાય છે કંસને કાજ ॥ એવુંરે જાંણીરે હરી ત્યાં બોલીઆરે ॥ ભાંમની શું છે કટોરા માંય ॥ એવી વાંણી સુણીરે; આવી અબળા આનંદ ભરીરે ॥ આવી હરી હળદરની પાસ ॥ આવી નારીરે હરી ચરણે પડીરે ॥ ચંદન ચરચ્યું અંગે અપાર ॥ મારગમાં મળીઓરે ॥ એવો પ્રેમ જાણીરે હરી રીઝયા ઘણુંરે ॥ કર્યું અંગ તે દેવી સમાન ॥ દાસ વનમાળીના સ્વામી એવો સાંમળોરે ॥ એ છે ભકત તણા પ્રતીપાળ ॥ મારગમાં મળીઓરે માળી ફુલ તણોરે ॥ એ તો હાર ગજરા લઇ જાય.

પદ ૭. કુબજા કહેછે રે સાંભળો મારી વિનંતીરે ॥ મારે ઘેર પધારો નાથ. પ્રેમે પ્રીતેરે શેવા તમારી કરૂંરે ॥ અમોપર મહેર કરો મહારાજ ॥ કુબજા કહે છે રે ॥ મીઠાઇ મંગાવુંરે નાંના ભાતનીરે, તમને જમાડું જદુરાય. લવંગ સોપારીરે. બીડાં પાનનાંરે, તમને ખવરાવું મારા નાથ ॥ કુબજા કહેછેરે ॥ સેજ બીછાવુંરે ઝાઝા પુષ્પનીરે, તમે પોઢો દીનદયાળ, પગ તળાંસુરે અતી પ્રીતેશું. ઊભી ઊભી વાયુ ઢોળાવું દાસ

॥ કુબજા કહે છે રે ॥ એવો પ્રેમ જાણીરે હરીવર બોલીઆરે ॥ સુણો નારી કહું એક વાત ॥ કંસને મારીરે તમો ઘેર આવીશુંરે॥ સાચી માનજો મારી વાત ॥ કુબજા કહે છે રે ॥ એવું કહીને રે હરીવર ચાલીઆ રે ॥ આવ્યા રંગ મંડપની માંહે ॥ માવતે હાથીરે હરી સામો કર્યો રે ॥ તેને પછાડયો અવીનાશ, દાસ વનમાળીના સ્વામી ત્યાંથી ચાલીઆ રે ॥ હાથીના દંત ચઢી બળવંત કુબજા કહે છે રે સાંભળો મારી વિનંતી રે ॥ અમો ઘેર પધારો નાથ ॥

પદ ૮ મું. અખાડામાં આવ્યારે હરી હળદર સખારે ॥ સભા જોઇ સૌ વિસ્મે થાય, મલજુધ માંડયું રે જુએ કંસ સભા રે ॥ એક એક બંનો હાર ના ખાય ॥ અખાડામાં આવ્યા રે ॥ મલ માહા બળીઆરે કુદે ને ઉછળેરે ॥ હરી હળદર બે કોમળ ભ્રાત, સભા સૌ જુએ રે કોઇ કહેતું નથી રે ॥ આ તો અણુઘટતી છે રાડ ॥ અખાડામાં આવ્યા રે ॥ ઘણું જુધ કીધું રે હરીએ મલ સંગેરે ॥ પછી ક્રોધ કર્યો મનમાંય ॥ મલને પછાડયા રે ચાલ્યા કંસ ભણી રે ॥ જઇને ચઢીઆ સંઘાસન તે વાર ॥ અખાડામાં આવ્યા રે ॥ કંસરાય ઘણું કોપીઓ રે જઇને ચોટલો ઝાલ્યો જદુરાય ॥ ઇંદ્રાસનથી રે હેઠો પાડીયો રે ॥ ઉપર ચઢીયા દેવ મોરાર ॥ અખાડામાં આવ્યા રે ॥ કંસ પછાડગો રે અતી ક્રોધ કરી રે સરવે સભા નાસી ગઇ ॥ ધુમરાણુ થયું રે જાણ્યું નગર વિશેરે ॥ મૃત્યુ પામ્યો કંસ ભૂપાળ ॥ અખાડામાં આવ્યા રે ॥ કંસની સંન્યા રે ક્રોધ કરી ગાજતી રે ॥ તે સરવે મારી હળધર ભ્રાત ॥ દાસ વનમાળીના સ્વામી રે અતી બળવંત છે રે જેણે માર્યો કંસ ભૂપાળ ॥

અખાડામાં આવ્યા રે ॥ હરી હળધર સખા રે ॥ સભા જોઇ સૌ વીસ્મે થાય ॥

રાગ ગરબીનો:—હું તો કુંવારી કન્યારે કોઇને પરણી નહી. આવ્યા સતગરૂ મારારે મારૂ લગન લેઇ. મારો વીવા કીધોરે ખોળી દુવારકાં માંહી, આજ રૂડો દીવસરે લગન લીધું પ્રીતે, નંદજીનાલાલ શું રે, વીવા કીધો રીતે, હું તો આનંદ પામીરે, સ્વામીનો સંગમળ્યો, હું તો કાંઇ ના જાણું રે પરણાવવા ફેરી રીતે, સતગરૂ મારેરે કરાવી છે પ્રીતે, હું તો ઝંખણામાં ઝાંખીરે વહાલાની તો ઝાંખી કરી, જાન લઇને આવ્યારે લગનની આજ ધડી, દાસ વનમાળી ગાયરે, તમો પર સુરતા રહી.

ગરબી ૨ જી:—જાન લેઇને આવ્યારે સાંમળીયો શ્રી હરી, આવી ઉતર્યા પાધરરે, સરવે જાન મળી, લેઇ સામઇયું ચાલ્યારે, સગાં કુટુંબ મળી, જાનીવાસે સૌ આવ્યારે, હેતે આનંદ કરી, સરવે, સ્થીરતા થઇ; દાસ વનમાળી ગાયેરે, જન્મની ફાંસી ટળી.

ગરબી ૩જી:-હરી વરઘોડે ચઢીયારે સુંદીર સામળીયા, તે પીડીના ભરીયારે નટવર નોઘડીઆ; ખુંખારેછે ઘોડોરે હીરા માંણેકે મઢીયો, ગાલે ટીપકુ કીધુંરે મુસ્તકે ખુપ ધરીઓ. શણગાર છે સારારે, સુરજે તેજ ધરીયું; હરીનું રૂપ બહુ શોભેરે શશી કોટી જેવુ, વાજાં અનહદ વાગેરે, શબ્દ નોબત ગરગડે, થાય તડાકા ભડાકારે; ધજા નેજા ઝલકે, દાસ વનમાળી ગાયેરે, આવ્યા વરઘોડે ચડી.

ગરબી ૪ થી:-આવી ઉભા છે સ્વામીરે બેઠા બાજઠે ચરણ ધરી, પોંખવાને આવોરે ગોર કહે ફરી ફરી; અંતરની ઇંઢીરે પ્રીતની પીંડી કરી, તનની કીધી ત્રાકરે, શબ્દનો શરીઓ ધરી, હૈયાની થાળીરે,

હાથમાં હેતે મહી. સૌ સૈયર સંગાથેરે, ગાય ગીત ટોળે મળી. પોંખવાને આવ્યાંરે સુખમણા સાસુડી, ગોર સતગુરૂ આવીરે પોંખાવી વીધી કરી, ધુસળ મુસળરે રવીની રીત કરી; નાંખી હુંડી પીંડીરે દશાઓ ચાર ભણી, દાસ વનમાળી ગાયેરે આવ્યા હરી ચોરી ભણી.

ગરબી ૫ મીઃ–આવી માંયરામાં બેઠારે આજ અંતરજામી, વેદ ધુન્ય ભણેછેરે બ્રાહ્મણ ગોર મળી; બહુ ચોરી ચરચીરે અગ્નીમાં ધીરે હોમી, મન મોંમાંરે લેઇનેરે પધરાવી માંયરામાંહી; વરમાળા નાખીરે દુગધા સરવે ગઈ, માંહી તલ જવ હોમ્યારે સરવે જુક્તી કરી; હાયેવારો મેં સાયોરે, હરી સાથે હેત ધરી; ચારે મંગળ વરત્યાંરે બેઠા એક થાંનકે જઇ, કંસાર પીરસવા આવ્યારે માડી નીરવતી આવી; ભેળા બેસી જમ્યાંરે ઉછીના કાળીઆ વાળી, અંતર પડદો ટુટયોરે સ્વામી સાથે સુરતા થઇ; ત્યાંતો જે જે થાયરે સૌ આનંદ ભરી, દાસ વનમાળી ગાયરે કરજોડી વીનતી કરી.

રાગ નટની ઠુમરીઃ—વારી જઉંરે સાંમળીયા તારે વારણેરે, ઝુલોછો પારણેરે. વારી જઉંરે, હેતેથી જસોદાજી ઝુલાવે; બીજ સખીઓ આવી મંગળ ગાવે, હેતેથી હરીને નરખે, કોણ કારણેરે. વારી જઉંરે, વિશ્વરૂપ ધરોછો સ્વામી, ઘટ ઘટમાં છો અંતરજામી; ચોદ લોકના નાથ કહેવાઓ, કેમ સમાયા પારણેરે. વારી જઉંરે. સકટાસુર આવ્યો જોર કરીને, તેને પાટુ માર્યું ક્રોધ કરીને; ભાંગીને ચુરણ થયું નંદ બારણેરે. વારી જઉંરે. લીલા સાગર છો ગીરધારી, વંદ્રાવનમાં ગો ધેન ચારી, દાસ વનમાળી ગુણ ગાય ઉલટ ધારણેરે. વારી જાઉંરે. સામળીયા તારે વારણેરે, ઝુલોછો પારણેરે.

રાગ ઉપરનો:—કેમ આવ્યા સાંમળીયા મારે બારણેરે, કેમ આવ્યા સાંમળીઆ મારે બારણેરે, સાસુડી છે આ ઘરમાં, દીયેરીઆની શરમ છે અમને; તમો મનમાં રાખીને જાઓ ધારણેરે, કેમ આવ્યા સાંમળીઆ: દેરાંણી જેઠાંણી જાંણે, પરણ્યો પીયુજી અવગુણ માંને, માટે ના આવશો મારે બારણેરે, કેમ આવ્યા સાંમળીઆ; ગોપીજનના પ્રાણ છો વહાલા; એવા છો તમે નંદના લાલા, દાસ વનમાળીના સ્વામીને જઉં વારણેરે, કેમ આવ્યા સામળીયા મારે બારણેરે.

રાગ બીહાગનું કીરતનઃ—મોરલી વાગી વંદ્રાવનમાં, સુણતાં શબ્દ વાગ્યો મારા તનમાં, વ્યાકુલ થઇ છું રેહેલી, હું તો ઘરમાં, ફરૂં છું ઘેલી, મુજને કામ કાજ કાંઇ નવ સુઝે, મારૂં અંગ તો સઘળું ધ્રુજે. ચીતડું ચોંટયુંરે ચટકે, વહાલાજીને મોહી જોઇને હું લટકે, મોરલી વાગી વંદ્રાવંનમાં. પાયે ઘુઘરીનો ઘમકારો, મોજડીલાલ તણો ચમકારો; પાયે પદમરે ઝળકે, કોટી સુરજ તેજે ઝબકે, મોરલી વાગી વંદ્રાવનમાં. પીતાંબરની પરવર વાળી, કંદોરાની છબી છે ન્યારી, કેશરી વાઘોરે અંગે, હીરા માણેક છે બહુ નંગે, બોંય બાજુબંધરે શોભે, જોતાં મુનીજનનાં મન લોભે, કંઠે હાર હીરાનો ઝળકે, કાંને કુંડળ અતીરૂપ ઝળકે. ભ્રગુટીએ તીલક કર્યું અતી ભારી, આંખડી દીસે છે અણીયાળી, મુસ્તકે મુગટરે શોભે, દાસ વનમાળીનું મન લોભે, ॥ મોરલી વાગી ॥ વંદ્રાવનમાં, સુણતાં શબ્દ વાગ્યો મારા તનમાં ॥

રાગ ઉપરનો:—મારે ઘેર આવજોરે વહાલા નાગર નંદ તણા છો લાલા; વાટડી જોઉછું રે હેલી, દીપક મંદરીઆમાં મેલી. ॥ મારે

ઘેર આવજોરે વહાલા ॥ પ્રીતે પધારોરે વહાલા, કાંમણુ કીધું મોર-
લીવાળા; ઘરનું કામ તો શું કીજે, હરીવર જોવા મનડું રીઝે.
॥ મારે ઘેર આવજોરે વહાલા ॥ પ્રેમે પાથરણાંરે પથરાવું, શેરીએ
શેરીએ ફુલડાં વેરાવું; તન મન સોંપ્યુંરે તમને, વહાલા મારા ભાવ
ઘણો છે અમને, દાસ વનમાળીના સ્વામી પ્રેમે પધારો અંતર જામી.
॥ મારે ઘેર આવજોરે વહાલા ॥ નાગર નંદતણા છો લાલા.

રાગ ઉપરનો. દુરીજનને કહેવું હોય તે કહેજો, વહાલા મા-
રા રૂદીયા કમળમાં રહેજો; નીંદા ન કરશોરે મારી, મેં તો બાંય
ગ્રહી છે તારી. ॥ દુરીજનને કહેવું હોય તે કહેજો ॥ લોકની લાજ
રે મેલી, સુંદર વર વર્યો સાહેલી; પુરવની પ્રીતેરે મળીઆ, ભવસા-
ગરના ફેરા ટળીઆ. ॥ દુરીજનને કહેવું હોય તે કહેજો ॥ મારો
જન્મ મરણુ ભેં ભાગ્યો, શતગર શબ્દ અંતરમાં વાગ્યો. હું તો બેઠી
હરીની પાસે, હરી તો ઘટ ઘટમાં છે વાસે. ॥ દુરીજનને કહેવું હોય
તે કહેજો ॥ અંતરજામીરે એવા, ઘટ ઘટ વાપીક જાણો તેવા. દા-
સ વનમાળીના સ્વામી, પુરણુ બ્રહ્મ અખંડ બહુ નામી. ॥ દુરીજનને
કહેવું હોય તે કહેજો ॥ વહાલા મારા રૂદીયા કમળમાં વચ્ચે રહેજો.

રાગ ગરબાનો—રાંમ લક્ષમણુ વનમાં ચાલ્યા, સીતા સંગે
લીધાંજીરે; ગુરૂ દેવની આજ્ઞા માગી, વન સામગ્રી લીધીજીરે. માતા
કૌશલ્યાને ચરણે લાગી, વન જવા આજ્ઞા માગીજીરે; માતા પાસે
કરજોડી ઉભા, બોલ્યા મુખથી વાંણીજીરે. આપો આજ્ઞા વન જાવા-
જી, તાત વચન પરમાણુંજીરે; કેકઇ માતાએ વચન લીધું, અમો
જવાનું વનજીરે. દશરથ તાત તો ધરણે ઢળીઆ, મુરછા થઇ ગતી

ભંગજીરે; અકળાંત કરે છે અતી મનમાં, મુખથી નવ બોલાગેજીરે. વચન સુણી માત કૌશલ્યા, દુખ ધરે મન માંહેજી રે; અરે વીધાત્રી તેં આ શું કીધું, રાંમ જાયે આજ વનજીરે. ગદ ગદ કંઠે માતા બોલ્યા, સાંભળો મારા રાંમાજીરે; દાસ વનમાળીના સ્વામીને કહે છે, તમો વીના કેમ રહેવાયજીરે.

ગરબો ૨ જો—નયણે નીરને માતાજી બોલ્યા, સાંભળો કહું એક વાતજીરે; તમો તો હરી વને ચાલ્યા, અમને કોનો આધારજીરે. તમો વના કેમ રહેવાય અમથી, કહોની પેર શી કીજેજીરે; વન જવાનો જોગ નથી, કેમ રહેશો વનવાસજીરે. કોમળ કાયા દીસે તમારી, વરસ થયાં છે બારજીરે; કયી પેરે તમે વનમાં રહેશો, કેમ ધરૂં મનમાં ધીરજીરે. દાસ વનમાળીના સ્વામી બોલ્યા, વનફુળ પહેર્યાં ચીરજીરે.

રાગ ફેરી ગરબો—ફરી ચરણે તે લાગ્યા શ્રી રામજી, કરજોડી કર્યો પરણામજી; અરે માતા આશીસ અમને દીજેજી, મન સ્થીર રાખી આજ્ઞા દીજેજી. માતા કેકઇએ કીધી છે પેરજી, કહો કેમ કરી રહુ હું ઘેરજી; રાજ બેસાડજો ભરત વીરજી, માતા રાખજો મનમાં ધીરજી. અમને આજ્ઞા કરી છે તાતેજો, ચૌદ વરસ સુધી રહેવું વનમાં માતજો; એમ આજ્ઞા માગી વન જાવારે, વનમાં રહીને વનફળ ખાવારે. હું તો આજ્ઞા તાતની નવ લોપુજી, રાજ આસન મનથી ખોટું જી; મારે વનમાં જવાની રીતજી, માતા મુજ પર રાખજો પ્રીતજી; દાસ વનમાળી ગુણ ગાયેજી, એવું કહીને થયા વિદાયજી.

મોરલીધરની થાળ ॥ મોરલીધર જમવાને આવો, ભાવ કરીને જમાડું રે ॥ પીતળની થાળી ભરીને ભોજન નિત્ય ધરાવું રે ॥ મોરલીધર ॥ ભાત દાળ તો ખારી થઇ છે, કઢી કોદરી અતી સારી રે ॥ નિત્ય નિત્ય જમો છો મારા વહાલા ॥ માનો છો મનોહર મારી રે ॥ મોરલીધર જમવાને આવો ॥ ભરડીજી બાજરીનું બન્યું છે, ઉપર તુરીઆનું શાક રે ॥ ઘીનો છાંટો મુક્યો છે શામળા, જમો છો જુગ તાતરે ॥ મોરલીધર જમવાને ॥ ચોખાની ખીચડી કરી છે, ભાજી તેલે છમકારી રે ॥ અથાણું રાઇતા ચીરીનું હળદર લીંબુ કરીરે ॥ મોરલીધર જમવાને આવો ॥ કોઇ દીન પુડા, કોઇ દીન ભજીઆં, કોઇ દીન શેવો લાડું રે ॥ મોરલીધર જમવાને આવો ॥ કોઇ દીન શીરો, કોઈ દીન પુરી, કોઇ દીન ઘેબર ધારીરે ॥ મોરલીધર જમવાને આવો ॥ કોઇ દીન વડાં ને વેડમી રે, કોઇ દીન રોટલી ઘણીરે ॥ કોઇ દીન પુરણપોળીરે, કોઇ દીન રસ રોટલી રે ॥ મોરલીધર ॥ કોઇ દીન દુધપાક બનાવ્યો, તેમાં સાકર ભેળી રે કોઇ દીન કંસાર, લાબશી, સુંદર સુખડી સારી રે ॥ મોરલીધર ॥ ભોજન રસોઇ ઘરમાં બને તે તમને જમાડું રે, મેહેર કરી પ્રભુજી આરોગો, દાસ પોતાનો જાણી રે ॥ મોરલીધર ॥ હું દાસનો દાસ તમારો જાણી ચરણે રાખો રે, દાસ વનમાળીને આસરો તારો નિત્ય નિત્ય દરશન આપો રે ॥ મોરલીધર જમવાને આવો, ભાવ કરીને જમાડું રે ॥

થાળ બીજી:—જમવાને આવો શ્રી ગીરીવરધારી, તમને તેડે વ્રજની નારીરે, જમવાને આવો. નર્યા તે દુધમાં ખીર કરી જાડી, પુરી બનાવી અતી સારીરે, જમવાને. વડાં કરી વેઢમી ને

પુડા હરી પાતળા, સાકરનો શીરો, શેવ સુંવાળી, સુંદીર સુખડી. મગદળ—લાડું, ઘીમા તળી છે ધારીરે. જમવાને આવો. પાકાં હરી કોળાં, સુરણ શોભતાં શાક કરી છમકારીરે, જમવાને આવો. ભાત જરવેલીનો જુગતી બની છે, દાળ રાખી છે ખારી, કઢીને સઇડકે જુગતી બની છે. ધન્ય ચતુરાઇ તારીરે, જમવાને આવો. ગંગાજળની ઝારી ભરી લાવું. આચમન કરો દેવ મોરારી રે, જમવા. લવીંગ, સોપારી, એલચી, મંગાવું. પાનનાં બીડાં આપું વારીરે. જમવાને આવો ગીરીવરધારી, દાસ વનમાળીના સ્વામી સાંભળીયા. અરે પ્રભુ બાંહે ગ્રહોને મારી રે, જમવાને આવોની ગીરીવરધારી, તમને તેડે છે વ્રજની નારીરે. જમવાને આવો ગીરીવરધારી.

રાગ ઠુમરીનો—પાણી બીચે પતાસા બંદો, આ તનકા એહી તમાસાહે, બાંધી મુઠી આએ બંદા, હાથ પછાડી જાતાહે, પાણી બીચે પતાસા બંદો કયા લેઇ આવ્યા, કયા લેઇ જાયગા, પાછળ તું પસ્તાતાહે, કાયા તારી ન હોય માંરી, કાયકુ દુઃખ પાતાહે ॥ પાણી બીચપતાસાબંદો. કીસકી જોરૂ કીસકા ખાવંદ, ઇસમે કબકા નાતાહે, બે બસ કરો બંદો. વીષય લહેરમાં કયું મોહોતાહે, પાણી બીચ પતાસા બંદો. સમરણ કરને સીતા પતીનું, કયાં આવરદા ખોતાહે, દાસ વનમાળીના સ્વામીને ભજયા વિના, આંખ મીચી કયું રોતાહે, પાણી બીચ પતાસા બંદો, તનકા એહી તમાસા હે.

ઠુમરી બીજી. સ્યામ સ્નેહી મને શરણે રાખો, શરણે રાખો, મારા દુખડાં કાપો; ભક્ત જાણી પોતાનો પ્રભુજી, દયા કરીને દરશન આપો. ॥ સ્યામ સ્નેહી શરણે રાખો ॥ અનેક દુખથી અધરમ મુ-

જમાં ભળીયું, સેવક જાણી સુખડું આપો; દાસ વનમાળી કરે વીનંતી, મહેરની મુજપર દસ્ટી રાખો. ॥ સ્યામ સ્નેહી મને શરણે રાખો ॥

ઠુમરી ૩. નારાયણના નામ ભજન વિના, જન્મ જન્મ દુખ પાવેગોરે; મરવું ને અવતરવું પ્રાણી, ઘણાં ગોથાં તું મારેગોરે. ॥ નારાયણના નામ ભજન વિના ॥ મનસા દેહી દુલભ મેં જાણી. ફરી દેહી નાહી પાવેગોરે; ધંધામાં તું અતી ઝીકાયો, કોણ જાણે કોણુ ખાવેગોરે. નારાયણનું નામ ભજન વિના. આ અવસર તું હારી બેઠો, ગયો માલ પછો કયાંથી લાવેગોરે, દાસ વનમાળી કહે હરી ના ભજે તો માર જમ મારેગોરે. નારાયણનું નામ ભજન વિના જનમો જનમ દુખ પાવેગોરે ॥

ઠુમરી ૪. હેતે નામ હરીનું ભજીએ. કાળ કબુદ્ધિ તજીએરે, દુગધાથી દુરજ રહીએ, મનથી મોહન ભજીએરે, મોહ મમતા ટાળી મનથી, નામ કૃશ્ન કૃશ્ન જપીએરે, ॥ હેતે નામ હરીનું ભજીએ કાળ કબુધી તજીએરે. ॥ માયા મનપરથી પરહરીએ; સતગરૂ શબ્દને ગ્રહીએરે, એક ઘડી વિશ્વાસ આણી રામ નામ મુખે લહીએરે. ॥ હેતે નામ હરીનું ભજીએ ॥ ભજતાં નામ અતી સુખ પાવે, અનેક જનમનું દુખ જાયરે, સાંભળીઆનો સ્નેહ કર્યાથી, ભવસાગર તરી જાયરે. ॥ હેતે નામ હરીનું ભજીએ. ॥ હરીનુ નામ સદા જેને વહાલું, સંપના તરમાં ઝંખણારે; દાસ વનમાળી કહે કરજોડી, અહોનીશ હરી જપનારે. ॥ હેતે નામ હરીનું ભજીએ, કાળ કબુદ્ધિ તજીએરે. ॥

પદ નીરગુણનાં:—કાયાગઢ તમો ચઢી જુઓ, સુરતાથી નીહા-

બીજી; જુઓ રચના છે બહુ ભારી, દસ માંહે મેલી બારીરે,કાયાગઢ તમે ચઢી જુઓ. પાંચ પ્રધાન છઠો મન રાજા. ઘટમાં રાજ કરે-છેરેજી, પાંચ પચીસ માંહે પાયદળ રહેછે; રાજાના અધીકારીરે; કાયા-ગઢ૦ એકવીસ હજાર ત્યાં હાથી ઝુલે, છસેં તોરીગમ લીઆરેજી, વાહન નાનાં મોટાં જોતાં શોભા બની છે સારીરેજી. કાયાગઢ તમો ઘટમાં રહીને રાજ કરે છે દુવાઈ ફેરવો ચોપાસેરેજી, દાસ વનમાળી-ના સ્વામીને નરખો, મમતા મુકો ટાળીરે, કાયાગઢ તમે ચઢી જુઓ, સુરતાથી નિહાળીરેજી.

પદ ર જું:—કાચી કાયા કોટ બનાયો. શું રહ્યા માયા મો-હીરે. વણુસી જાતાં વાર નહી લાગે, ગયો જનમારો ખોઇરે; કાચી કાયા કોટ બનાયો, શું રહ્યા માયા મોહીરે. હાડ માંસની કાયા બ-નાવી; ચાંમડે રંગ લપેટીરેજી, સુરત, નુરત બે બારીઓ મુકી છે, તમે ખોજો મનથી જોઇરે; કાચી કાયા, કોટ કાયામાં વીકાર ઘણેરા, મેલ કાદવમાંહે ભરીઓરેજી. નાંના મોટાં જીવ બહુ રહે છે. કાઢી ના શકે કોઈ રે. કાચી કાયા. એવુ જાણી હરીને ભજીએ; દીલની દુગ્ધા ખોઇરે, દાસ વનમાળીના સ્વામીને નિરખો, સુરતાથી નિરખે જોઇને રે; કાચી કાયા કોટ બનાયો. શું રહયા માયા મોહીરે. અવસર આવ્યો હારી બેઠો, ગફલતમાં ગુમાયોજી. હરીનું નામ સ્વપ્ને નવ લીધું, માયામાં ગુંચાયોરે. અવસર આવ્યો. આવીને તેં શું સુખ લીધું, કમાઈ શી કમાયોરેજી. જનેતાને ભારે મારી જન્મારો વગોયોરે, અ-વસર આવ્યો. હારી બેઠો ગફલતમાં ગુમાયોરે, તું જાણે તે કાયા મારી, કાયા નહી કાંઇ તારીરેજી. વણુસી જાતાં વાર નહી લાગે, શું જાણી લોભાયોરે, અવસર આવ્યો. હરીને ભજને અંધાપો મેલ

મુરખ મન વિચારીરે, દાસ વનમાળી કહે તને હરી ના સુઝે. જાળ માયામાં ભળીઓરેજી; અવસર આવ્યો હારી બેઠો, શું ગફલતમાં ગુમાયોરેજી.

રાગ રાસ—જુઓ તમે આ ઘટમાં જાણી, જુઓ તમે આ ઘટમાં જાણી; આગળ પાછળ શું ભટકો છો, તારા દલમાં દયા નવ આણી. જુઓ તમે જાણી આ ઘટમાં જુઓ તમે જાણી, સતગુરૂનો શબ્દ ના ઝાલી; સુરતાથી ચાલી આ ઘટમાં જુઓ હરી જાણી. અંતર શબ્દ શોધીને ખોજો, કામ ક્રોધ ટાળી; આ ઘટમાં જુઓ હરી જાણી. લોભ અહંકારને સરવે મેલી, મોહ મમતા મારી; આ ઘટમાં દાસ વનમાળીનો સ્વામી મળશે. જેણે દીલથી દુગ્ધા ટાળી, આ ઘટમાં જુઓ હરી જાણી.

રાગ ગરબી—ઠાસરા પ્રગણે ડાકોર ગામરે રણછોડ રંગીલા, એ મુકતી કેરૂં ધામરે રણછોડ રંગીલા; ત્યાં તો ગોમતી લહેરે જાયરે રણછોડ રંગીલા. સરવે લોક ત્યાં નહાવા જાયરે રણછોડ રંગીલા. મંગળાનાં દરસન થાયરે રણછોડ રંગીલા. હરીને નરખતાં માહા સુખ થાયરે રણછોડ રંગીલા; દેશ દેશના જાતરા આવેરે, રણછોડ રંગીલા. તે તો ભેટ સામગરી લાવેરે રણછોડ રંગીલા. કોઇ પુષ્પનો હાર ચઢાવેરે. રણછોડ રંગીલા; કોઈ સાકર માંખણ ધરાવેરે રણછોડ રંગીલા. એવી શોભા બની છે સારીરે, રણછોડ રંગીલા. તેતો નરખે છે નરને નારીરે રણછોડ રંગીલા; આઠે દહાડે વરઘોડો થાયરે રણછોડ રંગીલા. ત્યાં તો માંનુંની મંગળ ગાયરે, રણછોડ રંગીલા. મન ગમતારે મેવા ધરાવે રે રણછોડ રંગીલા. ત્યાં પુષ્પને ચોખે વધાવે રે, રણછોડ રંગીલા; ત્યાં તો આનંદ ઓચ્છવ થાય રે રણછોડ

રંગીલા, તે તો માંનુંની મંગળ ગાયરે રણછોડ રંગીલા. શણગારની શોભા સારીરે રણછોડ રંગીલા, દાસ વનમાળી જાય બલીહારીરે રણછોડ રંગીલા.

રાગ વસંત હોરીનો ॥ આજ વંદરાવન ખેલે હોળી, ગોપી ગોવાળાની મળી છે ટોળી ॥ આજ વંદરાવન ખેલે હોળી ॥ વ્રીજ નારી સૌ વેગે ચાલી, શણગાર સજી બહુ ભાતી, ચીર ચુંદડીને સાડી પહેરી, પહેરી ચરણા ચોળી ॥ આજ વંદરાવન ॥ ચુવા ચંદન રગં કેશરનો થાળ ભરીને ચાલી, અબીલ ગુલાલ સાથે લેઇને સંગે રાધે ગોરી ॥ આજ વંદરાવન ॥ એ વંદરાવનની કુંજગલીનમાં, આવી સૌ વૃજ નારી. અરસપરસ ફાગજ ખેલે, સરવે મળીને ટોળી, ફરત હે ભમર ભોળી ॥ આજ વંદરાવન ॥ અબોલ ગુલાલ રંગ ઊડત હે, ભર ભર મારત પીચકારી, રાધા માધવ હોળી ખેલે, ગુણ ગાય દાસ વનમાળી ॥ ઊડત હે ત્યાં ગુલાલની ઝોરી ॥ આજ વંદરાવન ખેલત હોળી, ગોપી ગોવાળાની મળી છે ટોળી ॥ આજ વંદરાવન ખેલે હોળી ॥

રાગ વસંત ॥ આજ વસંત આવ્યો મારા વહાલા ॥ ફુલ્યો ફાગણ માસે, રૂડાં વનમાં કેસુડાં ફુલ્યાં ફુલી ડાડમ દ્રાખ, આજ વસંત આવ્યો મારા વહાલાં. ફુલી આંબાને આંમલી. ફુલી કેળ કંથાર, આજ વસંત. ચાલો રમીએ વંદ્રાવનમાં હરીથી હોળી ખેલીએ આજ, શણગાર સજી ગોપી સરવે ચાલી, લીધુ અબીલ ગુલાલ, આજ વસંત. ગોપી સૌ વંદ્રાવન આવી ત્યાં ઉભા શ્રી નંદલાલ, મોરલી શબ્દ કર્યા મોરારી, બ્યાકુળ થઇ વ્રીજનારી, આજ વસંત. ફાગણ માસની જાઉં બલીહારી, હોળી

ખેલે રાધકા સાથે, દાસ વનમાળી ગુણ ગાય હરખે, આપો બીજમાં વાસ. આજ વસંત આવ્યો મારા વહાલા ફુલ્યો ફાગણ માસ.

॥ પદ ૧ ॥

સ્તુતિ.

" જન્મ ધરી જમુનાંજીમાંરે નહીએ. એ રાગ--

હરી ગુણ ગવડાવશો તો ગઇશ,
મારગ મને બતાવશો ત્યાં જઇશ;
જંજાળમાં રાખશો તો રહીશ,
આખરમાં કરશો એવો થઇશ.
માટે મેહેર કરીનેરે માહારાજ;
રાખશો તો રેહેશે ભગા તણી લાજ.

॥ પદ ૨ ॥

પ્રભાત રાગ.

સાચું કે સ્વપ્નું આ શું થયું,
હની હાંહાંરે વાલો અઢળક ઢળીયા;
પુર્વનાં પુન્ય ઉદયે થયાંરે,
હની૦ પાપ ભવ તણાં ટળીયાં. સાચું. ૧
આશ પુરીરે અલબેલડે,
હની૦ સાચુ' સ્વપ્નુંજ દીધું;
પ્રીતથી પ્રભુજી પધારીયારે,
હની૦ હેતે દર્શન દીધું. સાચું. ૨
અડસઠ તીર્થ મારે આંગણે,

કનીં૦ સંત સદ્દગુરૂ ચર્ણું;
ાંકના કર્મે આ ક્યાં થકીરે,
કનીં૦ ટાળ્યાં જન્મને મર્ણું. સાચું ૩
જેરે મારારે મનમાં હતું,
કનીં૦ તે મારે વાલેજીએ કીધું;
ભક્ત વત્સલ એ ભુદરોરે,
કનીં૦ સુખ અવીચળ દીધું. સાચું. ૪
હિંમત નહોતી કે હરી મારો આવશે;
કનીં૦ મારી કર્ણી પ્રમાણે;
પણ બાંના સામું જોઇનેરે,
કનીં૦ વાલો આવ્યા આ ટાણે. સાચું. ૫
ગમે તેમ કરોરે હવે નાથજી,
કનીં૦ ચર્ણ શર્ણ લપટાયો;
રંગ ચડયો નવ ઉતરેરે,
કનીં૦ દાસ ભગો તો કમાયો. સાચું. ૬

સાંભળને તું સુજની મારી રજની ક્યાં રમી આવીજી—એ રાગ.

ઉપદેશ કીર્તન સાંભળવાં તે રાંમ રટણને સારૂજી,
વેઠ વેરા નથી ભક્ત ભળે છે આમાં શું જાય તમારૂંરે,—
મુખે હરી બોલોને.
જાણી જોઇને શું કરો આમ મુખે હરીબોલોને,
વણ દામે થાય છે કામ, મુખે હરી બોલોને.

ધુન્ય. ૧

જે જે રણછોડ રાયા દીન દયાળા તમારે હાથ દોરી;
ભવ સાગરમાં બુડી જાતાં બાંહ્ય ગ્રહો મોરી. ટેક.

ધુન્ય. ૨

તમો વીના મારી કોણ ખબર લે શ્રી ગોવર્ધન ધારીરે,
ધન દોલતને માલ ખજાના પડી રેહેશે ફુલવાડીરે. ટેક.

ધુન્ય. ૩

બારે ચડો વીઠલ વનમાળી શર્ણુ તમારે આવ્યોરે,
સંસાર સઘળો જુઠો જાણી હરી રસ મુજને ભાવ્યોરે.

મનને શીખામણ.

શું કરીનેરે શું કરીનેરે સંતોખું હું સ્વામી એ રાગઃ—
મન મુરખરે મન મુરખરે ઈર્ષાથી અળગુ રહે,
 જઈ ભજ્ય હરીના ચરણુમેં;
નથી બીજેરે નથી બીજેરે સુખ હરી શર્ણાં જેવું,
 માટે નાંમ નીરંતર લેવું;
હળા હળ આકળીમાં તોરે, થઇશ એક પળમાં હતો નોહોતોરે;
તેનો વિચારજો કરો તોરે, હળીમળીનેરે હળીમળીનેરે;
સૌની સાથે રેહેવું, કડુ વચન કોને ના કેહેવું;
મુકીનેરે મુકીનેરે જાવું મંદીર માલ, પત્નિને બાળગોપાળ;
માટે મનવારે માટે મનવારે, મેલ મમત આ પળમેં,
 જઇભજ્ય હરીના ચરણુમેં. મન મુરખ૦ ,૧

ગયા મુકી મમતા વાળારે, તે તો નજરે તેં અહીં ભાળ્યારે
નથી દીઠા તેં જમ કાળારે,
મમતાનેરે મમતાનેરે મારૂ તારૂ માર ખવાડે,
અંતે એ નર્ક પમાડે;
સાથે તોરે સાથે તોરે આવશે પુન્ય ને પાપ,
માટે ચેતને મારા બાપ,
માહા દુઃખ છે રે માહા દુઃખ છે રે, અંત સમે સમજી લે;
જઇ ભજ્ય હરીના ચરણુમેં. મન મુરખરે૦ ૨
આવ્યાં અકાળ મૃત્યુ હાવેરે, જો જોતામાં કાળ ગળી જાયેરે,
હરી ભજુ હજુ તો કંઇ ફાવે રે,
પર નિંધા રે પર નિંધા રે પર સ્ત્રિપર હરી રેહેજે,
આ અમુલ્ય લાહાવો લેજે;
દેવને તો રે દેવને તો રે આ દુર્લભ દેહજ જાણી,
તેને કરીશ ના ધુળ ધાણી,
ગુરૂ ઇષ્ટની રે ગુરૂ ઇષ્ટની રે, કૃપાયે દાસ ભગો કેહે,
જઇ ભજ્ય હરીના ચરણુમેં. મન મુરખરે૦ ૩

સમાપ્ત

રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ